પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક :૧૦ કુલ પાના : ૪ તારીખ : ૦૨-૦૯-૨૦૨૪ સોમવાર કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મહાન યોદ્ધા રાજાના અપમાનને મહારાષ્ટ્રની જનતા ક્યારેય માફ નહીં કરે,નરેન્દ્ર મોદીની માફીમાં ઘમંડ દેખાયો, ઉદ્ધવ ઠાકરે

મુંબઈ

મહારાષ્ટ્રના વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડીના નેતાઓએ રવિવારે રાજ્ય ગઠબંધન અને કેન્દ્રની મોદી સરકાર પર ઉગ્ર પ્રહારો કર્યા.એમવીએએ મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને તોડી પાડવાના વિરોધમાં દક્ષિણ મુંબઈના પ્રતિષ્ઠિત હુતાત્મા ચોકથી ગેટવે ઑફ ઈન્ડિયા સુધી કૂચ કરી. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માફીને નાટક ગણાવ્યું હતું, જ્યારે શરદ પવારે આ ઘટનાને ભ્રષ્ટાચારનું ઉદાહરણ ગણાવ્યું હતું.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ના સુપ્રીમો શરદ પવાર, શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરે, કોંગ્રેસના રાજ્ય એકમના વડા નાના પટોલે અને પક્ષના મુંબઈ પ્રમુખ વર્ષા ગાયકવાડે હુતાત્મા ચોક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરીને વિરોધ કૂચની શરૂઆત કરી હતી. આ ચોક 'સંયુક્ત મહારાષ્ટ્ર' આંદોલનમાં શહીદ થયેલા લોકોની યાદમાં બનાવવામાં આવ્યો છે.

ગેટવે ઓફ ઈન્ડિયા પર એક સભાને સંબોધતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, શું તમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માફીમાં ઘમંડ દેખાયો? એક નાયબ મુખ્યમંત્રી હસતા હતા. મહાન યોદ્ધા રાજાના અપમાનને મહારાષ્ટ્રની જનતા ક્યારેય માફ નહીં કરે. ઉદ્ધવે મોદીની ગેરંટીની મજાક ઉડાવવા માટે મૂર્તિ તોડી, રામ મંદિર અને નવા સંસદ સંકુલમાંથી વરસાદી પાણી વહી જવાની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો.

તેમણે કહ્યું કે વડાપ્રધાન શા માટે માફી માંગી રહ્યા હતા તેમણે આઠ



મહિના પહેલા જે પ્રતિમાનું ઉદ્‌ઘાટન કર્યું હતું તે માટે ? સંડોવાયેલા ભ્રષ્ટાચાર માટે? શિવાજી મહારાજનું અપમાન કરનારી શક્તિઓને હરાવવા એમવીએ કાર્યકરોએ સાથે મળીને કામ કરવું જોઈએ. પ્રતિમાનું પડવું એ મહારાષ્ટ્રની આત્માનું અપમાન છે.

વિરોધ કૂચમાં બોલતા શરદ પવારે કહ્યું કે સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું પડવું એ ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. આ શિવાજીના તમામ અનુયાયીઓનું અપમાન છે. પવારે કહ્યું કે આ વર્તમાન સરકારમાં ભ્રષ્ટ્રાચારની કોઈ સીમા નથી પવારે કહ્યું કે શિવાજી મહારાજની મૂર્તિ પરિયોજનામાં ભ્રષ્ટ્રાચારના કારણે ખરાબ સામગ્રીનો ઉપયોગ કરવાંઆયા છે જેના કારણે મૂર્તિ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે. પવારે કટાક્ષ કર્યો અને કહ્યું કે સરકારને ખબર નથી કે કયાં ભ્રષ્ટ્રાચાર કરવાનો ચે. મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલેએ જણાવ્યું હતું કે વડા પ્રધાન પહેલાં, વિપક્ષે છત્રપતિ શિવાજીના સિદ્ધાંતો સાથે દગો કરતી સરકારને સત્તામાં આવવા માટે સમ્રાટની માફી માંગી હતી. આગામી વિધાનસભાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં તેમણે કહ્યું કે અમે સંકલ્પ કર્યો છે કે આવું ફરી નહીં થાય. પટોલેએ કહ્યું કે વડાપ્રધાને રાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને માફી માંગી છે. કોલ્હાપુરના કોંગ્રેસના સાંસદ શાહુ છત્રપતિએ કહ્યું કે સમ્રાટની ગરિમા દરેક કિંમતે જાળવી રાખવી જોઈએ.ઉદ્ધવ જૂથના શિવસેનાના સાંસદ અરવિંદ સાવંતે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજ અમારા માટે ભગવાન સમાન છે. તેમનું પૂતળું તૂટી પડ્યું અને તેની સાથે આપણી આસ્થા, સન્માન અને સ્વાભિમાન પણ તૂટીને ત્યાં પડી ગયું. આટલું અપમાન હોવા છતાં તેને ટેકો આપતા રાજકીય પક્ષોના નેતાઓ તેની નિંદા નહીં કરે તો બીજું શું કરશે?

છત્રપતિ સાહુ મહારાજે આ પ્રસંગે જણાવ્યું હતું કે શિવાજી મહારાજની મૂર્તિ તુટી પડવાથી લોકોમાં નારાજગી છે આ મહારાજ અને મહારાષ્ટ્રનું અપમાન છે જેમણે પણ આમ કર્યું છે તેના માટે કોઈ માફી નથી આ મામલામાં જે દોષીત છે તેમની વિરુધ્ધ કાર્યવાહી થવી જોઈએ શાહુ મહારાજે કહ્યું કે શિવાજી મહારાજનું સમ્માન બનાવી રાખવું જોઈએ

એનસીપી (એસપી)ના નેતા રાજેશ ટોપે અને શિવસેના (યુબીટી)ના નેતા સુનીલ પ્રભુએ જણાવ્યું હતું કે વિરોધ કૂચનો ઉદ્દેશ્ય વડાપ્રધાન દ્વારા અનાવરણ કર્યાના આઠ મહિના બાદ પ્રતિમાના પતન અંગે મહારાષ્ટ્રના લોકોના ગુસ્સાને અવાજ આપવાનો હતો. . પ્રભુએ પત્રકારોને જણાવ્યું કે આ વિરોધ શાંતિપૂર્ણ છે. કોલ્હાપુરના કોંગ્રેસના સાંસદ શાહુ છત્રપતિ, એનસીપી (એસપી) નેતા અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલે અને ધારાસભ્ય અનિલ દેશમુખ સવારના ૧૧ વાગ્યા પછી શરૂ થયેલી કૂચમાં ભાગ લેનારાઓમાં સામેલ હતા.

શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમા ૨૬ ઓગસ્ટના રોજ અચાનક પડી ગઈ હતી. પીએમ મોદીએ ૮ મહિના પહેલા ૪ ડિસેમ્બરે શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રતિમા માત્ર ૮ મહિનામાં પડી ગઈ. શિવાજી મહારાજની પ્રતિમા તોડી પાડ્યા બાદ મહારાષ્ટ્રમાં રાજકીય ખળભળાટ મચી ગયો હતો. રાજકીય હંગામા બાદ સીએમ શિંદે, ડેપ્યુટી સીએમ અજિત પવાર બાદ પીએ મોદીએ પણ માફી માંગી હતી.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન ઉદ્ધવ ઠાકરે અને નાના પટોલેએ સાંકેતિક રીતે મુખ્યમંત્રી એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને દેવેન્દ્ર ફડનવીસના ફોટા પર જુતા માર્યા હતાં.આ વિરોધ પ્રદર્શનમાં માટે સંખ્યામાં કોંગ્રેસ,એનસીપી એસપી અને શિવસેના યુબીટીના કાર્યકરો જોડાયા હતાં આ કાર્યકરોએ મુખ્યમંત્રી શિંદે અને નાયબ મુખ્યમંત્રી ફડનવીસની વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતાં તેમના હાથમાં બેનરો હતાં જેમાં સરકારની વિરૂધ્ધ લખાણો હતાં.

## કોલકાતામાં પીડિતાનો પરિવાર નજરકેદ: ડોક્ટરોના પરિવારને રૂપિયા ઓફર કરાયા, અધીર રંજન

કોલકતા

કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ દાવો કર્યો હતો કે કોલકાતા રેપ-હત્યા કેસ મામલે પીડિતાનાં માતા-પિતાને નજરકેદ કરવામાં આવ્યાં છે. તેમણે કહ્યું કે તેઓ ટ્રેઈની ડોક્ટરના પરિવારને મળ્યા છે. પોલીસે તેમને નજરકેદ કરી રાખ્યાં છે. તેમને બહાર જવા દેવામાં આવી રહ્યાં નથી. ઘરની આસપાસ બેરિકેડ લગાવવામાં આવ્યા છે. સીઆઈએસએફ પાસે આ અંગે કોઈ માહિતી નથી.પીડિતાના પરિવારને પોલીસ દ્વારા પૈસાની પણ ઓફર કરવામાં આવી હતી, જેથી તેઓ તેમની પુત્રીના અંતિમ સંસ્કાર ઝડપથી કરી શકે. આ બધું રાજ્ય સરકારની સૂચના પર કરવામાં આવ્યું હતું.૮ ઓગસ્ટની રાત્રે આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક ટ્રેઈની ડોક્ટર પર રેપ અને હત્યા કરવામાં આવી હતી. ૯ ઓગસ્ટની સવારે ડૉક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પછી દેશભરના ડોક્ટરો રસ્તા પર ઊતરી આવ્યા હતા. સુપ્રીમ કોર્ટની અપીલ બાદ અનેક હોસ્પિટલોના ડોક્ટરોએ હડતાળ સમેટી છે. જોકે પ્રદર્શન ચાલુ છે.

અધીર રંજને કહ્યું કે ટીએમસી કહી રહી છે કે સીબીઆઈ બંગાળના લોકોનું ધ્યાન ભટકાવવા માટે કંઈ કરી રહી નથી. સીએમ મમતા બેનર્જી સીબીઆઈને નિશાન બનાવીને પોતાની જવાબદારીથી બચવા માંગે છે. હું તેમને કહેવા માગું છું કે પશ્ચિમ બંગાળ સરકાર અને પોલીસની જવાબદારી છે કે તેઓ સીબીઆઈને સહકાર આપે અથવા તથ્યો સાથે તેની ખામીઓ દર્શાવે.

કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે જ્યારે સીબીઆઈએ તપાસ સંભાળી ત્યારે સીએમ મમતા બેનર્જી પોતાની જવાબદારીઓથી હાથ ખંખેર્યા હતા. આ મામલે તપાસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી કોઈ રાજ્ય સરકારને દોષી ઠેરવે નહીં. જેના કારણે હજુ સુધી આ કેસમાં સાચો ગુનેગાર કોણ છે તે અમે જાણી શક્યા નથી.

ડોક્ટર રેપ-હત્યાના વિરોધમાં ૩૧ ઓગસ્ટના રોજ રવીન્દ્ર ભારતી યુનિવર્સિટી પાસે જુનિયર ડોક્ટરો વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન એક નશામાં ધૂત વ્યક્તિ બાઈક પર ઘૂસી આવ્યો હતો અને તેણે એક વિદ્યાર્થીને ટક્કર મારી હતી. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તે કોલકાતા પોલીસનો સિવિક વોલન્ટિયર હતો, તેની બાઈક પર પોલીસનું સ્ટિકર પણ હતું. રેપ-હત્યા કેસનો આરોપી સંજય રોય કોલકાતા પોલીસમાં સિવિક વોલન્ટિયર પણ હતો. ૮-૯ ઓગસ્ટની રાત્રે કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના મામલામાં સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો વાઈરલ થઈ રહી છે. ઘટના બાદ ૧૦-૧૨ લોકો ક્રાઈમ સીન પર દેખાય છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ટ્રેઈની ડોક્ટરની રેપ અને હત્યા બાદ પોલીસ સિવાય અન્ય લોકો પણ ક્રાઈમ સીન પર ગયા હતા, જેના કારણે પુરાવા સાથે ચેડાં થવાનો અવકાશ છે. સીબીઆઈએ ૨૦ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટમાં પુરાવા સાથે ચેડાં થવાની આશંકા પણ વ્યક્ત કરી હતી.

૨૦ ઓગસ્ટે કેસની સુનાવણી દરમિયાન સીબીઆઈના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ એફઆઈઆર નોંધવામાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કોર્ટમાં કહ્યું- ક્રાઈમ સીન સાથે ચેડાં કરવામાં આવ્યાં છે. એના પર જસ્ટિસ જેબી પારડીવાલાએ કહ્યું- કોલકાતા પોલીસની ભૂમિકા પર શંકા છે. મેં મારી ૩૦ વર્ષની કારકિર્દીમાં તપાસમાં આવી બેદરકારી ક્યારેય જોઈ નથી.ટીએમસી અને ભાજપ બંનેએ શુક્રવારે (૩૦ ઓગસ્ટ) બળાત્કાર-હત્યા કેસને લઈને વિરોધ કર્યો હતો. બંગાળ ભાજપના મહિલા મોરચાએ 'મહિલા આયોગ લોકઆઉટ અભિયાન' અંતર્ગત રાજ્ય મહિલા આયોગની ઓફિસ સુધી કૂચ કરી હતી.

## આજથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડર મોંઘું થયું, કિંમતમાં ૩૯ રૂપિયાનો વધારો



નવીદિલ્હી

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો કરવાની જાહેરાત કરી છે. સંશોધિત દરો મુજબ આજથી કિંમતોમાં રૂપિયા ૩૯નો વધારો કરવામાં આવ્યો છે. વધારા સાથે હવે દિલ્હીમાં ૧૯ કિલોનું કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડર ૧૬૯૧.૫૦ રૂપિયામાં મળશે.જો કે થોડી રાહતની વાત એ છે કે ઓઈલ કંપનીઓએ ૧૪ કિલોના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કર્યો નથી. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારા બાદ હવે નવા દરો પણ બહાર આવ્યા છે.

નવા દરો અનુસાર આજથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જે બાદ દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૬૯૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

ઈન્ડિયન ઓઈલ કંપનીની વેબસાઈટ અનુસાર કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં વધારો ૧લી સપ્ટેમ્બર એટલે કે આજથી અમલમાં આવ્યો છે. જે બાદ મુંબઈમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત ૧૬૪૪ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ મુંબઈમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૬૦૫ રૂપિયા હતી. જ્યારે કોલકાતામાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૭૬૪.૫૦ રૂપિયાથી વધીને ૧૮૦૨.૫૦ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ચેન્નાઈમાં આ સિલિન્ડર હવે ૧૮૫૫ રૂપિયામાં મળશે. પહેલા તેની કિંમત ૧૮૧૭ રૂપિયા હતી.

આ પહેલા ઓગસ્ટમાં પણ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. તે દરમિયાન ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડર ૮.૫૦ રૂપિયા મોંઘા થયા હતા. જે બાદ દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત વધીને ૧૬૫૨.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

જો કે બે મહિના પહેલા ૧ જુલાઈના રોજ ઓઈલ કંપનીઓએ એલપીજીના ભાવમાં ઘટાડો કર્યો હતો. જેના કારણે દિલ્હીમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમતમાં ૩૦ રૂપિયાનો ઘટાડો થયો છે. તે દરમિયાન દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૬૪૬ રૂપિયા થઈ ગઈ હતી. જ્યારે કોલકાતામાં ૧૭૫૬ રૂપિયા, ચેન્નાઈમાં ૧૮૦૯.૫૦ રૂપિયા અને મુંબઈમાં ૧૫૯૮ રૂપિયા થઈ ગયા છે.

## આગામી ૫ દિવસ સાચવજો ગુજરાતીઓ! હવામાન વિભાગે જાહેર કરી દીધી આગાહી



ગાંધીનગર

આજથી ગુજરાત રાજ્યમાં ફરીથી વરસાદનો માહોલ જામશે. ૬ સપ્ટેમ્બર સુધી ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં છુટો છવાયો વરસાદ પડશે. બંગાળની ખાડીમાં સર્જાયેલ ડીપ ડિપ્રેશન સિસ્ટમને કારણે ફરીથી વરસાદનું આગમન થશે.

અમરેલી, પંચમહાલ, ભાવનગર, દાહોદ, સુરત, ડાંગ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે તેમજ યલો એલર્ટ આપવામાં આવ્યું છે.આગામી પાંચ દિવસ રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. છોટાઉદેપુર, નર્મદા, દાહોદ, તાપી, નવસારી, વલસાડ, દમણમાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

૨ સપ્ટેમ્બરે દમણ, ભરૂચ, સુરત, નર્મદા, તાપી, નગર હવેલી, નવસારી, વલસાડ, ડાંગમાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આ જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ૩ સપ્ટેમ્બરે વડોદરા, ભરૂચ, નર્મદા, અમરેલી, ભાવનગર, આણંદ, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, છોટાઉદેપુર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં માં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદ પડશે.

૪ સપ્ટેમ્બરે રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમદાવાદ, કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, ભરૂચ, નર્મદા, સુરત, ખેડા, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટાઉદેપુરમાં ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. ૫ સપ્ટેમ્બરે ઉત્તર ગુજરાતમાં પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારે વરસાદની આગાહી કરાઈ છે.

ગુજરાતમાં ૪૦ થી ૫૦ કિમીની ગતિએ પવન ફૂંકાશે. જેની મહત્તમ ગતિ ૬ કિમની હોઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં આજે ભાર પવન સાથે વરસાદ આવવાની સંભાવના છે. સપ્ટેમ્બર ૨ થી ૬ સુધી મધ્ય અને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. વરસાદનો બીજો રાઉન્ડ ૬થી ૧૨ સપ્ટેમ્બર સુધી આવશે.

## કોંગ્રેસ નેતાએ પરિવારના ૪ સભ્યો સહિત સામૂહિક આપઘાત કરતાં હડકંપ, દેવાથી કંટાળ્યાનો દાવો

રાયપુર

છત્તીસગઢના જાંજગીર-ચંપા જિલ્લામાં કોંગ્રેસ નેતાએ તેમની પત્ની અને બે પુત્રો સાથે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. જેમાં મોટા પુત્રનું તુરંત મોત નીપજ્યું હતું જ્યારે કોંગ્રેસના નેતા, તેની પત્ની અને નાના પુત્રની હાલત નાજુક હોવાનું કહેવાય છે. તેઓને ગંભીર હાલતમાં બિલાસપુરની સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં આજે (પહેલી સપ્ટેમ્બર) સવારે ત્રણેયનું મૃત્યુ થયું હતું.

અહેવાલો અનુસાર, ચારની ઓળખ ૬૬ વર્ષીય કોંગ્રેસ નેતા પંચરામ યાદવ, ૫૫ વર્ષીય તેમની પત્ની નંદની યાદવ ૨૮ વર્ષીય પુત્ર નીરજ યાદવ અને ૨૫ વર્ષીય સૂરજ યાદવ તરીકે કરવામાં આવી છે. આ તમામે ૩૦મી ઓગસ્ટના રોજ એકસાથે ઝેર પી લીધું હતું. આખો પરિવાર દેવાથી પરેશાન હતો અને જેના કારણે તેઓએ આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે.

આ પરિવારે કોઈને ખબર ન પડે તે માટે ઘરના આગળના દરવાજાને તાળું મારી દીધું હતું અને પાછળના દરવાજેથી ગયા બાદ અંદરથી દરવાજો પણ બંધ કરી દીધો હતો. પાડોશમાં રહેતી એક યુવતી તેના ઘરે ગઈ ત્યારે આ વાત સામે આવી. બે-ત્રણ વાર ફોન કરવા છતાં પણ દરવાજો ન ખૂલતાં તેને કંઈક અઘટિત હોવાની શંકા જતાં તેમણે આસપાસના લોકોને જાણ કરી હતી. જ્યારે પાડોશી અને તેના સંબંધીઓ ઘરની અંદર ગયા ત્યારે બધા ગંભીર હાલતમાં પડેલા હતા.

## દારૂ પીધેલી હાલતમાં પોતાની જ ઓફિસમાંથી ઝડપાયા ભાજપના નેતા, પોલીસે કરી ધરપકડ

રાજકોટ,

ગાંધીનાં ગુજરાતમાં દારૂ બંધી કહેવત જાણે નિરર્થક નિવડતી હોય તેવું લાગી રહ્યું છે. તો બીજી તરફ પોલીસ દ્વારા રોજ લાખો રૂપિયાનો દારૂ પણ ઝડપવામાં આવે છે. ત્યારે રાજકોટમાં ભાજપનાં જ પૂર્વ કોર્પોરેટ નશાની હાલતમાં પોલીસનાં હાથે ઝડપાઈ જવા પામ્યા હતા. સત્તાધારી પક્ષનાં જ પૂર્વ કોર્પોરેટર નશાની હાલતમાં ઝડપાયાની વાત વાયુ વેગે સમગ્ર રાજકોટમાં પ્રસરી જતા શહેરીજનોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પૂર્વ કોર્પોરેટર તેમજ ભાજપનાં કાર્યકર આશિષ વાગડીયા ગત રોજ પોતાની ઓફીસમાં નશો કરી રહ્યા હોવાની બાતમી પોલીસને મળતા પોલીસે આશિષ વાગડીયાની ઓફીસે તપાસ હાથ ધરી હતી. જ્યાં પૂર્વ કોર્પોરેટર પોતાની ઓફીસમાં નશાની હાલતમાં પોલીસનાં હાથ ઝડપાઈ જવા પામ્યા હતા. જે બાદ પોલીસે આશિષ વાગડીયાની ધરપકડ કરી તેઓને પોલીસ મથકે લઈ ગયા હતા. જે બાદ રાજકોટ પોલીસે ધરપકડ કરી જામીન આપ્યા હતા. ત્યારે ભાજપનાં જ પૂર્વ કોર્પોરેટર નશાની હાલતમાં ઝડપાતા આ મુદ્દો સમગ્ર રાજકોટમાં લોકમુખે ચર્ચાઈ રહ્યો હતો.

## મણિપુરમાં ફરી હિંસા: મુખ્યમંત્રીના ઓડિયો પર ભડક્યો કૂકી સમુદાય, ભાજપના નેતાનું ઘર ફૂંકી માર્યું

ઈમ્ફાલ,

મણિપુરમાં ફરી એકવાર તણાવ વધતો જોવા મળી રહ્યો છે. કુકી સમુદાયે આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં ત્રણ રેલીઓ કાઢી હતી. આ રેલીઓમાં લોકો અલગ વહીવટી તંત્રની માંગ પર અડગ દેખાયા. લોકોએ મુખ્યમંત્રી એન બિરેન સિંહની કથિત ઓડિયો ક્લિપનો પણ વિરોધ કર્યો, જેમાં કેટલીક વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. કૂકી સમુદાયના લોકોએ ચુરાચંદપુર જિલ્લાના લેઈશાંગ, કાંગપોકપીના કૈથેલમંબી અને તેંગનોપલના મોરેહમાં રેલીઓ યોજી હતી.

ચુરાચંદપુર જિલ્લામાં ભાજપના રાજ્ય એકમના પ્રવક્તા માઈકલ લામજાથાંગના પૈતૃક ઘરને અજાણ્યા લોકોએ આગ લગાવી દીધી હતી. હુમલા દરમિયાન તુઈબોંગ સબડિવિઝનના પેનિયલ ગામમાં એક ઘરના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી કારને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. ગયા અઠવાડિયે પણ આ ઘર પર હુમલો થયો હતો. પોલીસે જણાવ્યું કે ચુરાચંદપુર જિલ્લાના ડેપ્યુટી કમિશનર ધરુણ કુમાર એસએ જિલ્લા પોલીસ અધિક્ષકને પત્ર લખીને તપાસ હાથ ધરવા અને શક્ય તેટલી વહેલી તકે રિપોર્ટ સબમિટ કરવા જણાવ્યું છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ લમજથાંગના ઘર પરના "ત્રીજા" હુમલાની આકરી ટીકા કરી હતી.

ચુરાચંદપુરમાં આ રેલી લેઈશાંગના એંગ્લો કુકી વોર ગેટથી શરૂ થઈ હતી. કુકી-જો સમુદાયના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલી રેલીને ધ્યાનમાં રાખીને જિલ્લામાં તમામ બજારો અને શાળાઓ બંધ રખાઈ હતી. દરમિયાન, કમિશનર (ગૃહ) એન અશોક કુમારે લોકોને વ્યવસાયિક સંસ્થાનો અને ખાનગી સંસ્થાનો ખુલ્લી રાખવા વિનંતી કરી હતી. સેંકડો વિરોધીઓએ રેલીમાં ભાગ લીધો હતો જે કાંગપોકપીની કીથેલમન્બી મિલિટરી કોલોનીથી શરૂ થઈ હતી અને આઠ કિલોમીટરનું અંતર કાપીને જિલ્લા હેડક્વાર્ટરના થોમસ મેદાન સુધી પહોંચી હતી.

કાંગપોકપી રેલીમાં હાજર એક દેખાવકાર જી. કિપગેને કહ્યું કે, 'કૂકી-જો સમુદાયના લોકો કેન્દ્રશાસિત પ્રદેશની માંગને લઈને આ દેખાવ કરી રહ્યા છે. અમે 'વાઈરલ' ઓડિયો ક્લિપનો પણ વિરોધ કર્યો હતો જેમાં વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. મણિપુર સરકારે દાવો કર્યો હતો કે જાતીય હિંસાથી પીડાઈ રહેલા રાજ્યમાં શાંતિના પગલાને રોકવા અને માહોલ બગાડવાના પ્રયાસ હેઠળ સોશિયલ મીડિયા પર ઓડિયો ક્લિપ ફેલાવઈ હતી તેમાં મુખ્યમંત્રીનો અવાજ હોવાનો દાવો જુઠ્ઠો છે.

## ગુજરાતનો દરિયાકિનારો બન્યો ડ્રગ્સનો દરિયો! વલસાડના તીથલ બીચ પર ફરી બિનવારસી ચરસ મળ્યું

વલસાડ

છેલ્લા ઘણા સમયથી ગુજરાતના દરિયાકિનારે બિનવારસી હાલતમાં ડ્રગ્સ મળી આવવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ડ્રગ્સ મળવાની ઘટનાને પગલે ગુજરાત હવે સમગ્ર દેશમાં ચર્ચાના ચકડોળે ચડ્યું છે. ગુજરાતના દરિયાકિનારે વારંવાર મળી રહેલા બિનવારસી ડ્રગ્સને પગલે વિવિધ આશંકાઓ પ્રવર્તી રહી છે. ત્યારે વલસાડ જિલ્લાના દરિયા કિનારેથી ચરસ મળવાનો સિલસિલો યથાવત્ છે.

મળતી વિગતો મુજબ, તિથલ દરિયા કિનારા નજીકથી ચરસનું ૧ પેકેટ મળી આવતા પોલીસ દોડતી થઈ હતી. અંદાજે ૧ કરોડની કિંમતનું ૧.૧૦૦ કિલોનું ચરસનું પેકેટ મળી આવ્યું છે. તિથલ દરિયા કિનારે ચરસનો જથ્થો મળી આવતા પોલીસ વિભાગ તેમજ એજન્સીઓ સતર્ક બની જવા પામી હતી. આ સમગ્ર મામલે વલસાડ પોલીસે તપાસ હાથ ધરી છે. આ સાથે જ જિલ્લાના ૭૦ દ્વા ના દરિયા કિનારે સઘન પોલીસ ચેકિંગ હાથ ધરાયું છે.

જણાવી દઈએ કે, વલસાડના દરિયા કિનારેથી અત્યાર સુધી ચરસના ૩૧ પેકેટ મળી ચૂક્યા છે. આ અગાઉ અંદાજે ૧૭ કરોડ રૂપિયાથી વધુનું ચરસ મળી ચૂક્યું છે. આ અગાઉ વલસાડ તાલુકામાં આવેલ ભાગલ ગામના દરિયા કિનારેથી કુલ ૨૧ ચરસના પેકેટ મળી આવ્યા હતા. કુલ ૨૧,૭૮૦ કિલો ચરસ મળી આવ્યું હતું, જે અંગે વધુ તપાસ તમામ એજન્સીઓ દ્વારા કરાઈ હતી. આ સાથે જ અગાઉ ઉદવાડા અને ડુંગરી દરિયા કિનારેથી ચરસના પેકેટ મળી આવ્યા છે. જેમાં ૧૦ જેટલા પેકેટ પોલીસે બિનવારસી હાલતમાં કબજે કર્યા હતા.

મહત્વનું છે કે, સામાન્ય રીતે કચ્છના અખાત અને ભાવનગર જેવા દરિયા કિનારે ડ્રગ્સના બિનવારસી જથ્થા અગાઉ મળ્યા હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે, પરંતુ હવે દક્ષિણ ગુજરાતના દરિયા કિનારે આવા પેકેટ મળી આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## જયપુર-દિલ્હી હાઈવે પર ૧૦૦ એકર જમીનમાં બનશે ફિલ્મસિટી, કરોડોના ખર્ચે તૈયાર થશે



જયપુર,

જયપુરમાં ફરી એકવાર ફિલ્મ સિટી બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ફિલ્મ નિર્માતા કેસી બોકાડિયા રાજસ્થાનની રાજધાનીમાં ફિલ્મસિટીનો વિકાસ કરશે. આ ઈન્ટરનેશનલ ફિલ્મસિટી ૧૦૦ એકર જમીનમાં બનાવવામાં આવશે. જયપુર-દિલ્હી હાઈવે પર આચરોલ નજીક બનાવવામાં આવનાર આ ફિલ્મ સિટી પર લગભગ ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેને હૈદરાબાદ સ્થિત રામોજી રાવ ફિલ્મસિટીમાંથી ખૂબ જ સારી રીતે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. કેસી બોકાડિયાએ રાજસ્થાનના સીએમ ભજનલાલને તેમના પ્રોજેક્ટ વિશે સારી રીતે સમજાવ્યું.

નોંધનીય છે કે તેઓ યુપી ફિલ્મ સિટી પ્રોજેક્ટ માટે પણ ટોચના દાવેદાર હતા અને તાજેતરમાં જ બિડ વિજેતા બોની કપૂરે ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે સંઘર્ષ કર્યા બાદ યુપી સરકારે તેમનો ફરીથી સંપર્ક કર્યો હતો.રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન, શત્રુઘ્ન સિન્હા, રજનીકાંત, રાજકુમાર, ધર્મેન્દ્ર, મિથુન ચક્રવર્તી, સલમાન ખાન, શાહરૂખ ખાન અને સની દેઓલ જેવા દિગ્ગજ કલાકારો સાથે ફિલ્મો બનાવનાર પીઢ નિર્માતા-નિર્દેશક કેસી બોકાડિયાને સૌથી ઝડપી બનાવવાનું બિરુદ મળ્યું છે. ૫૦ ફિલ્મો છે. 'આજ કા અર્જુન', 'પ્યાર હુકતા નહીં' અને 'તેરી મહેરબનિયાં' તેમના દ્વારા બનાવવામાં આવેલી બ્લોકબસ્ટર ફિલ્મો રહી છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર


# સંતરામપુર તાલુકાના ગડા ડીપનુ ધોવાણ થઈ જતાં ગ્રામજનોને ૧૨ કિ.મી.લાંબા થવા મજબુર



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ગડા ડીપ ભારે વરસાદ પડવાથી ધોવાણ થઈ ગયું અને તૂટી ગયો હતો હવે ગ્રામજનોને સંતરામપુર આવવા માટે બે કિલોમીટરના બદલે ૧૨ સળ અંતર કાપીને આવવું જ પડશે તેવી પરિસ્થિતિ જોવાય ગુજરાત સરકારની મોટી મોટી વાતો અને કાગળયા પર ચાલી રહેલા કામો ભારે વરસાદ પડવાથી ગામડાના મોટાભાગના રસ્તાઓ અને નાણાઓ તૂટી ગયેલા જોવા મળી આવ્યા અને તંત્રની પોલ ખોલી તેમ છતાં પરિસ્થિતિ તથા આજ જોવા મળી સંતરામપુર તાલુકાના વર્ષોથી ટીમ ભરવા કોસંબા કાળિયા નર્સિંગ પુર અને ખાસ કરીને ગડા ગામનો ડીપ જ્યાં સૌથી વધારે સુરપુર ગડા ત્રણ ગામના લોકો આ જ રસ્તા પરથી પસાર થતા હોવા જ સૌથી વધારે તેનો જ ઉપયોગ થતો હોય છે પ્રાઈમરી માધ્યમિક આંગણવાડી હેલ્થ એન્ડ વેલેન્ટ સેન્ટર આ તમામ ગામની અંદર આવેલું છે અને આ જ ગડા ડીપ નો ઉપયોગ કરતા હોય છે પરંતુ વર્ષોથી તેને બનાવવા માટેની માંગણી છે પણ દર વર્ષે માટી નાખીને ફક્ત તેનું મરામત કરવામાં આવે છે અને અત્યારે પરિસ્થિતિ એવી જોવા મળી રહી છે કે ગામ લોકો ૫૦૦ ઉપરામ વસ્તી ધરાવતો ત્રણ ગામોનો લોકો સંપર્ક તૂટી ગયેલો છે અને વિહોણા બન્યા છે સંતરામપુર શિક્ષણ માટે આવવા માટે દવાખાનામાં આવવા માટે અન્ય જરૂરિયાત માટે મોટાભાગના લોકો આવી કાળજાળ મોંઘવારીમાં બે કિલોમીટર કાપીને ૧૨ સળ અંતર કાપીને સંતરામપુર આવવું પડતું હોય છે તેમ છતાં સરકારી તંત્રનું જરાય પેટનું પાણી હાલતું નથી અને સરકારના મોટા મોટા દાવ અને નેતાઓ કરી રહ્યાતમે ગામડાઓમાં વિકાસ કર્યો છે સારા રસ્તા બનાવ્યા છે પણ પરિસ્થિતિ એટલી ખરાબ છે ગ્રામજનોનું છેલ્લા છ દિવસથી સંપર્ક તૂટી ગયો છે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે તંત્ર જાગે અને બંધ થઈ ગયેલા આ ડીપને ફરી મરામત કરીને રાબેતા મુજબ શરૂ કરવામાં આવે તેઓ ગ્રામજનોની પરિસ્થિતિ એટલી ખરાબ છે કે લપડીયા નેતાઓ અને ભોગવી રહેલી પ્રજા તેવી પરિસ્થિતિ સર્જાયેલી છે તેમ છતાં આવી ખરાબ પરિસ્થિતિમાં કોંગ્રેસ કે ભાજપ હોય કે અન્ય પક્ષના કોઈ નેતાએ સ્થળ મુલાકાત લીધી નથી.

# મહિસાગર કલેકટર કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા બનાવટી સહી કરી હુકમ કરતા ઝડપાયો

લુણાવાડા,

કલેકટર કચેરી મહિસાગરમાં કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા બનાવટી સહી કરી હુકમ કરવા જતા ઝડપાઈ જતાં તેની સામે પોલીસ ફરિયાદ નોંધી કડક ફોઝદારી કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા કલેકટર દ્વારા ગેરરિતી આચરનાર ઓપરેટર સામે કડક વલણ અખત્યાર કર્યુ હતુ.

કલેકટર કચેરી મહિસાગર-લુણાવાડા આર.ટી.એસ શાખામાં આઉટસોર્સ કંપનીના ઓપરેટર તરીકે ફરજ બજાવતા અતુલ ભોઈ (રહે.લુણાવાડા)દ્વારા નાયબ મામલતદાર તથા કારકુનની બનાવટી સહી કરી, બનાવટી હુકમ કર્યાનુ ધ્યાન પર આવ્યુ હતુ. જેની ગંભીરતાને ધ્યાને રાખી ત્વરિત તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે, નિયમિત ચાલતા આર.ટી.એસ.કેસની જેમ જ પક્ષકારો માટેની મુદ્દત કાઢી પક્ષકારોની સહી મેળવી અને ત્યારબાદ ૭૩ એ-એ નુ નિયંત્રણ હટાવતો ખોટી સહીથી બારોબાર હુકમ કર્યો હતો. તે બાદ ઓનલાઈન સિસ્ટમ સાથે ચેડા કરી કેસ ડિસ્પોઝ કરી અરજદારને આ બનાવટી હુકમ આપી દીધો હતો. તે બાદ બનાવટી હુકમની કાચી નોંધ પણ દાખલ કરેલ હતી. આ બાબતની જાણ લુણાવાડા મામલતદાર કચેરીમાં ઈ-ધરામાં ફરજ બજાવતા કારકુન દ્વારા સહીમાં ખોટી જણાતા તાત્કાલિક કલેકટર કચેરીનુ ધ્યાન દોરતા તેના અનુસંધાને રજીસ્ટર કોમ્પ્યુટર તથા શાખામાં સાધનિક કાગળોની ચકાસણી કરતા આ હુકમ બનાવટી અને ખોટો હોવાનુ બહાર આવ્યુ હતુ. આ બાબતની કલેકટર કચેરી દ્વારા ગંભીરતાને ધ્યાને લઈ સબ આઉટસોર્સ ઓપરેટર અતુલ ભોઈ સામે બનાવટી હુકમ કરવા તથા સરકારી રેકર્ડ સાથે ચેડા કરવા બદલ તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધી કડકમાં કડક દાખલ રૂપ ફોઝદારી કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી. કલેકટર કચેરીના સમય સુચકતા કારણે બનાવટી હુકમની બજવણી થતાં અટકી ગઈ હતી. કલેકટર કચેરી મહિસાગરના ઓપરેટર અતુલ ભોઈ સામે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સંતરામપુર ડાયટના ઓડિટોરિયમ હોલમાં જાણીતા ચિત્રકાર બિપીન પટેલના માર્ગદર્શનમાં નિઃશુલ્ક પેઈન્ટીંગ ડેમો વર્કશોપ યોજાયો



સંતરામપુર,

મહીસાગર જિલ્લામાં સાહસિક તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓનો વિદ્યાર્થીઓમાં વિકાસ થાય તે હેતુસર વિવિધ ક્ષેત્રના કલાકારો, સર્જકો અને પ્રકૃતિ શિક્ષણમાં રસ ધરાવતા પર્યાવરણ પ્રેમીઓએ સમન્વય એડવેન્ચર એન્ડ ક્રિયેટિવિટી ગ્રુપ શરૂ કર્યુ છે. આ ગ્રુપ દ્વારા આજરોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ના વિદ્યા સમીક્ષા કેન્દ્રના ઓડિટોરિયમ હોલમાં જાણીતા ચિત્રકાર શ્રી બિપીનભાઈ પટેલના માર્ગદર્શનમાં નિઃશુલ્ક પેઈન્ટીંગ ડેમો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્રકલામાં રસ ધરાવતા સંતરામપુરની વિવિધ સ્કૂલો તથા કોલેજમાંથી ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ જીવંત ચિત્રકલાના નિદર્શનથી રેખા અને રંગ સંયોજનના પાઠ શીખ્યા હતા. આ વર્કશોપનું આયોજન વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિઓ બહાર લાવવામાં મદદરૂપ બનશે અને ઉત્તમ ચિત્રકારો સમાજમાં પોતાની કલાના રંગ પુરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આગામી સમયમાં ગ્રુપ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે જંગલ ટ્રેકીંગ, રોક કબાઈમ્બીંગ રેપલીંગ, રીવર ક્રોસીંગ, પક્ષી નિરીક્ષણ, આકાશ-દર્શન, સર્પ નિદર્શન (જાગૃતિ કાર્યક્રમ), પ્રકૃતિ શિક્ષણ શિબિર, પેઈન્ટીંગ, સ્કલ્પચર, કોલાજ મેકીંગ, ફોટોગ્રાફી, કાવ્ય-વાર્તા-પઠન-લેખન કળા, નાટય અભિનય કલા -નિદર્શન, ફિલ્મ-નિદર્શન, યોગ જેવી સર્જનાત્મક પ્રવુતિઓ નિષ્ણાતોના માર્ગદર્શનમાં કરવામાં આવનાર છે. આ વર્કશોપમાં શિવાજીભાઈ મહાડીક, ભાનુભાઈ કાનસર, પિયુષભાઈ પરમાર, જીજ્ઞેશભાઈ પટેલ, કિરણભાઈ ભોઈ, યોગેશભાઈ ભોઈ સહિત ગ્રૂપના સભ્યો તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વર્કશોપનું સફળ સંચાલન ભરતભાઈ ચૌહાણે કર્યું હતું.

# સંતરામપુર તાલુકાના વિવિધ વિસ્તારોમાં સાફ સફાઈ તેમજ દવા છંટકાવ કામગીરી શરૂ



મહીસાગર,

મહીસાગર જિલ્લામાં ભારે વરસાદ બાદ વિસ્તારોમાં ભરાયેલા પાણીનો નિકાલ, સફાઈ કામગીરી તેમજ રોગચાળો ના ફેલાય તે માટે દવા છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે.સંતરામપુર તાલુકાના વિવિધ વિસ્તારોમાં રોગચાળો ફાટી ન નીકળે તે માટે નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરી દવા છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.જિલ્લા કલેક્ટર નેહા કુમારીની સૂચના અન્વયે જિલ્લાની નગરપાલિકાઓમાં વરસાદ બાદ તાત્કાલિક ધોરણે ભરાયેલા પાણીનો નિકાલ થાય, એ વિસ્તારોમાં રોડ રસ્તાની યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવે, લોકોની અવરજવર માટે રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તથા લોકોના આરોગ્ય માટે દવા છંટકાવ સહિતની કામગીરી પર ભાર મૂકવામાં આવ્યો છે. મહીસાગર જિલ્લામાં વરસાદે વિરામ લેતાં નગરપાલિકા દ્વારા સાફ સફાઈ અને લોકોના આરોગ્યને પ્રાથમિકતા આપવામાં આવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.

# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર

## ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી પ્રોફેસર ડો.કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ અને વાલી મંડળની મીટીંગનું આયોજન



સંતરામપુર,

આજ તા ૧/૯/૨૦૨૪ ને રવિવારના રોજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર ખાતે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ અને વાલી મંડળની મિટિંગમાં કેબિનેટ મંત્રી પ્રોફેસર કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા.તેમજ મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.કોલેજના પ્રિન્સિપાલ ડો અભય પરમાર સાહેબે આગામી દિવસોમાં કોલેજનું નેક એક્રેડીટેશન થવાનું છે એમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ અને વાલી મંડળની શું શું ભૂમિકા રહેશે તે અંગે જાણકારી આપી હતી. સાથે સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. આ પ્રસંગે ડો.કુબેરભાઈ ડીંડોરે પોતાની કારકિર્દી ઘડતરમાં કોલેજ અને પ્રોફેસરોના યોગદાનના સ્મરણો વાગોળ્યા હતા. તેમણે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે કોલેજને ૫૧૦૦૦ (એકાવન હજાર) રૂપિયા ડોનેશન આપવાની જાહેરાત કરી હતી. તેમજ કોલેજના નવ નિયુકત GS (જનરલ સેક્રેટરી) અને એલ આર વિદ્યાર્થીઓનું પોતાના તરફથી સાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

# કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદથી નુકસાન થયેલા રસ્તાઓનું માર્ગ અને મકાન વિભાગે સત્વરે રિપેરિંગ કામગીરી શરૂ કરી



કાલોલ,

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાછલા સપ્તાહે વરસેલા વ્યાપક વરસાદને પગલે અનેક ગામોના ડામર રોડ ધોવાયા હતા તદ્પરાંત ઠેર ઠેર ખાડાઓ પડી જતાં,ગાબડાં પડી જતાં વાહનચાલકોને હાલાકીઓ ભોગવવી પડતી હતી. જોકે તાજેતરમાં વરસાદના વિરામ વચ્ચે માર્ગ અને મકાન વિભાગ હરકતમાં આવતા ભગ્ન બનેલા.

રસ્તાઓના ખાડાઓનું પુરણ કામગીરી હાથ ધરવામાં આવી હતી પ્રાપ્ત વિગતો અનુસાર સમગ્ર ચોમાસું સિઝનમાં વ્યાપક વરસાદને પગલે કાલોલ અને ઘોઘંબા તાલુકાના અનેક માર્ગો ઉપર રસ્તાઓ તૂટીને કે ધોવાણ થઈને ગાબડા અને ખાડા પડી જતાંવાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો પંચમહાલ જિલ્લામાં મેઘરાજાએ સતત ચાર દિવસ સુધી ધડબડાટી બોલાવતાં ઠેર પાણીનો જમાવડો થયો હતો અને તમામ માર્ગો પાણી પાણી થઈ ગયા હતા જેને પગલે અનેક માર્ગોને ભારે નુકસાન પહોંચ્યું હતું તદ્ઉપરાંત કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં નદી કે કોતર પરના કોઝવે પણ ક્ષતિગ્રસ્ત થયા છે જેથી વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે કેટલાક જાહેર માર્ગો ઉપર પાણી ભરાઈ જવાના કારણે ગાબડા અને ખાડાનું સામ્રાજ્ય ઊભું થયું હતું જેમાં વાહન ચાલકોને ભારે તકલીફનો સામનો કરવો પડતો હતો જેથી કાલોલ અને ઘોઘંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ ખરાબ થઈ ગયા હોવાની સોશિયલ મીડિયામાં લોકબૂમો ઉઠવા પામી હતી.ખરાબ બની ગયેલા રસ્તાઓથી અસરગ્રસ્ત બનેલા સ્થાનિક લોકો અને વાહન ચાલકો હેરાન પરેશાન બની જતાં રસ્તાઓનું સમારકામ કરવાની લોકમાંગ ઉઠવા પામી હતી જેને પગલે તાજેતરમાં પાછલા ત્રણ ચાર દિવસોથી વરસાદના વિરામને પગલે પંચમહાલ જિલ્લા (ગોધરા)ના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કાલોલ અને ઘોઘંબા તાલુકાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પોતાના તાલુકા વિસ્તારના ગામોના ખંડિત થયેલા રસ્તાઓ પર હાલ કાચા કામનું પુરણ અને રોલરથી પેચિંગ વર્ક કરીને રસ્તાઓનું સમારકામ કરવાની કામગીરી આદરતાં અસરગ્રસ્ત બનેલા ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

# મહીસાગર જિલ્લામાં પશુ મૃત્યુ અંતર્ગત ૮ લાખ ૪ હજારની સહાય અરજદારોને ચુકવણું

## વહીવટી તંત્રની તાત્કાલિક કાર્યવાહી : જિલ્લામાં ૩૫ પશુ મૃત્યુની સહાય ચુકવણી



મહીસાગર,

રાજ્યમાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર તારાજીના દશ્યો સામે આવી રહ્યા હતા તો સામે વહિવટીતંત્રના પણ બચાવ અને રાહતની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરી પ્રજાના પડખે ઉભી રહી પરીવારજનો અહેસાસ કરાવ્યો છે ત્યારે મહીસાગર વહીવટી તંત્ર દ્વારા પશુ મૃત્યુ સહાય ગણતરીના દિવસોમાં જ ચુકવણું કર્યું છે.

જિલ્લામાં ભારે વરસાદના કારણે વીજળી પડવાથી, તણાઈ જવાથી તથા મકાનની દીવાલ પડવાથી કુલ ૩૫ પશુના મૃત્યુ થયા હતા જે પૈકી ૩૫ પશુ મૃત્યુ સહાય અંતર્ગત રૂ.૮,૦૪,૦૦૦ નું તાત્કાલિક અરજદારોને ચૂકવવામાં આવેલ છે.ઉલ્લેખનીય છે કે મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકામાં ૧૦, ખાનપુર તાલુકામાં ૦૨, સંતરામપુર તાલુકામાં ૧૦, કડાણા તાલુકામાં ૦૪, વીરપુર તાલુકાના ૦૭ અને બાલાસિનોર તાલુકામાં ૦૨ પશુઓના મૃત્યુ થયા હતા જે તમામ પશુ મૃત્યુ અંતર્ગત સહાય ચુકવવામાં આવ્યા છે.

# દાહોદની ૪૦ વર્ષિય મહિલાને બીટકોઈન ટ્રેડિંગમાં ડબલની લાલચ આપી ૨.૩૮ લાખ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરતા ફરિયાદ

દાહોદ

દાહોદ શહેરમાં સોશિયલ મીડિયાના શક્ષતફિંલફિળ માં બીટ કોઈનમાં ટ્રેડિંગ કરી પૈસા ડબલ મેળવવાની લાલચ આપી અલગ અલગ મોબાઈલ નંબરના ધારકોએ દાહોદ શહેરના એક ૪૦ વર્ષીય યુવતી પાસેથી અલગ અલગ સમયને ગાળા દરમિયાન કુલ રૂપિયા ૨,૩૮,૪૯૬/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી આજ દિન સુધી નાણા પરત નહીં કરતા યુવતી પોતે છેતરાઈ હોવાનો અનુભવ થતા યુવકે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે.ત્રણ અલગ અલગ મોબાઈલ નંબરના ધારકોએ સોશિયલ મીડિયાના શક્ષતફિંલફિળ માં બીટ કોઈનમાં ટ્રેડિંગ કરો અને બે કલાકમાં ડબલ રૂપિયા મેળવો ની લાલચ આપી સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી. આ જાહેરાત જોઈ દાહોદ શહેરના દુધિયાવાલા શેરી વણઝારવાડમાં રહેતી ૪૦ વર્ષીય બતુલ મુફફદ્દલ નુરુદ્દીન લીમડીવાલા એ સંપર્ક કર્યો હતો ત્યારે બતુલ ના વફતિંફા ઉપર ટ્રેડિંગ લાઈસન્સ, કોઈન સર્ટિફિકેટ તથા સુભાષચંદ્ર યાદવ ના નામ નું પાનકાર્ડ, આધારકાર્ડ ના ફોટા મોકલી આપી બતુલને વિશ્વાસમાં લીધી હતી અને એક ઈસમે વફતિંફા ઉપર વાત કરી અને બીટકોઈનમાં રોકવાના રૂપિયા તથા અલગ અલગ પ્રોસેસ ફીના જેમાં આઈડી બનાવવાની ફી, પ્રોસેસ ફી, બોસની ફી, ટેક્સના, વધારે પ્રોફિટ ટેક્સના, ટ્રાન્ઝેક્શન ફી ના બહાને બતુલ પાસેથી તારીખ ૧૧.૦૮.૨૦૨૩ થી તારીખ ૨૫.૦૯.૨૦૨૩ ના અલગ અલગ સમયગાળા દરમિયાન બે અલગ અલગ મોબાઈલ નંબરમાં ગૂગલ પે મારફતે અલગ અલગ સમયગાળા દરમિયાન કુલ રૂપિયા ૨,૩૮,૪૯૬/-ભરાવડાવી બતુલ સાથે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કર્યો હતો. આ સંબંધે બતુલ મુફફદ્દલ નુરુદ્દીન લીમડીવાલાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# ઝાલોદ મુસ્લિમ સમાજ યુવા ગ્રુપ આયોજીત બાળકોમાં કેળવણી અને વ્યસન મુકિતનો સેમિનાર યોજવામાં આવ્યો



ઝાલોદ,

ઝાલોદ નગરમાં ઝાલોદ મુસ્લિમ યુવા ગ્રુપ આયોજીત વ્યસન મુક્તિ અને બાળકો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય તેના અનુસંધાને આજ રોજ ઝાલોદ મુહમ્મદી જમાતખાનામાં સેમનીનાર યોજવામાં આવ્યો .મુખ્ય મહેમાન જેઓ અમદાવાદ થી ડો.એજાજ શેખ અને ડો.ઈદ્રીશ મુશા તેમજ સમાજના અગ્રણીઓ ,મુસ્લિમ યુવા ગ્રુપના મેમ્બર , મોહસીને આઝમ ગ્રુપના મેમ્બર હાજર રહ્યા હતાજેમાં ડો એજાજ શેખ દ્વારા વ્યસન થી થતા નુકસાન અને ઘર બરબાદ થાય છે એના અનુસંધાને સારું વ્યકતવ્ય આપ્યું અને ત્યાર પછી. ડો ઈદ્રિશ મુસા દ્વારા બાળકો શિક્ષણ પ્રત્યે અને સ્કોલરશીપ માટે સમજણ આપી સેમિનારનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ ફાયર ટીમ દ્વારા વગેલા મુકામે પાણીમાં ફસાઈ ગયેલ યુવકને બચાવી લેવામાં આવ્યો



ઝાલોદ,

ઝાલોદ તાલુકાના માંડલેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વગેલાનો એક યુવક કૃણાલભાઈ સેલ્ફી લેવા જતા પાણીના નાળામા ફસાઈ ગયેલ યુવકને રેસ્ક્યુ કરી બચાવી લેવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ માંડલેશ્વર મહાદેવ મંદિર પાસે એક યુવક માંડલેશ્વર મંદિરની પાસે સેલ્ફી લઈ રહેલ હતો. યુવક અચાનક પાણીમાં પડી જતાં ત્યાં આવેલ મોટા નાળામાં ફસાઈ ગયેલ હતો. ત્યાં ઉપસ્થિત લોકોને ખબર પડતાં તાત્કાલિક ઝાલોદની ફાયર ટીમને જાણકારી આપી હતી. ઝાલોદની ફાયર ટીમ દ્વારા તાત્કાલિક સ્થળે પહોંચી દોરી બાંધી પાણીમાં ઉતરી યુવકને નાળા માંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને યુવકને હેમખેમ બચાવી લેવામાં આવ્યો હતો. ઝાલોદ ફાયર વિભાગની સુંદર અને પ્રસંસનીય કામગીરીને ઉપસ્થિત સહુ લોકોએ સરાહી હતી. જેમાં ઝાલોદ ફાયર બ્રિગેડના કર્મીઓ દ્વારા રેસ્કયુ ઓપરેશન પાર પાડતા ફાયર કર્મી જેમાં પટેલ હેમંતભાઈ વસૈયા અજયભાઈ નિલેશભાઈ બારીયા ડામોર પ્રભાત ભાઈ દ્વારા સફળ ઓપરેશન પાર પાડયું હતું.

# આપની આજ.......

મેષઃ જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

વૃષભઃ આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે.

મિથુનઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્કઃ અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહઃ કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે.

કન્યાઃ તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલાઃ ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે. બેરોજગાર લોકોને રોજગાર મળે તેવી સંભાવના છે.

વૃશ્ચિકઃ વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

ધનઃ વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકરઃ લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભઃ ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે. પરિવારને સમાધાન માટે સમય મળી શકશે.

મીનઃ તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

# દાહોદના તળાવ વિસ્તાર અને દેસાઈવાડા માંથી ખાણી-પીણીની લારીઓને જે.સી.બી.દ્વારા ઉપાડી લેવાતા નાના વેપારીઓમાં ભારે રોષ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ તળાવ વિસ્તાર એટલે કે દેસાઈવાડ વિસ્તાર તરફ ગત રોજ રાત્રિના સમયે અચાનક નગરપાલિકાના અધિકારીઓએ ધામા નાખ્યા હતા અને આ વિસ્તારમાં આવેલ ખાણીપીણીની લારીઓને જેસીબી મશીનથી ઊંચકી ટ્રેક્ટર માં ભરી લઈ જતા દબાણો ખસેડવાની કામગીરી કરાતા આ વિસ્તારમાં રોજગારી ધંધો કરતા નાના વેપારીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો ત્યારે બીજી તરફ વેપારીઓ અને નગરપાલિકાના કર્મચારીઓ વચ્ચે શાબ્દિક તું..તું..મૈ..મૈ.. ના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

દાહોદ શહેરને સ્માર્ટ સિટી બન્યા ને વર્ષો વીતી ગયા પરંતુ દાહોદ શહેરમાં સ્માર્ટ સિટીના નામે આખી વળગીને ઉડે તેવી કોઈ કામગીરી અત્યાર સુધી જોવા મળી નથી ત્યારે દાહોદ નગરપાલિકાના સત્તાધીશો કચરો જ રાત્રિના સમયે અચાનક જ શહેરના તળાવ વિસ્તાર એટલે કે દેસાઈવાળ વિસ્તાર તરફ જેસીબી તેમજ ટ્રેક્ટર લઈ પહોંચી ગયા હતા જ્યાં ખાણીપીણીની લારીઓ તેમજ દુકાનો ચલાવતા નાના વેપારીઓના લારી ગલ્લા જેસીબી મશીનથી ઉપાડી ટ્રેક્ટરમાં ભરવા લાગ્યા હતા અને લઈ ગયા હતા. દબાણો દૂર કરવાની આ કામગીરીને પગલે આ વિસ્તારના નાના વેપારીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. વેપારીઓનો મિજાજ પારખી ગયેલ નગરપાલિકાના સત્તાધીશો સ્થળ પરથી રવાના થઈ ગયા હતા ત્યારે આ વિસ્તારના નાના વેપારીઓના જણાવ્યા અનુસાર પાલિકા તંત્ર દ્વારા આગોતરી કોઈપણ જાણ કરવામાં આવી ન હતી અને અચાનક પોતાના રોજગાર ધંધાઓ ઉપાડી દેવાની કાર્યવાહી કરવામાં આવી હોવાના આક્ષેપો અહીંના નાના વેપારીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. ઘણા વેપારીઓએ એવું પણ જણાવ્યું હતું કે, પોતે અહીં વર્ષોથી રોજગાર ધંધો કરતા આવ્યા છે અને પોતાના રોજગાર ધંધા થતી પોતાનું અને પોતાના પરિવારનું ચલાવી રહ્યા છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા અચાનક આ પ્રકારની કામગીરી કરતા તેઓ ઉપર આભ તૂટી પડ્યું છે. ઘણા વેપારીઓના આંખો માટે આસો પણ આવી ગયા હતા અને પોતાના રોજગાર ધંધાઓ ઉઠાવી લઈ જતા વેપારીઓ રોજગાર ધંધા વિહોણા બની ગયા હતા. પાલિકાની મધ્યરાત્રી ની આ કામગીરીને પગલે દાહોદ શહેરના લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળ્યો હતો અને ખાસ કરીને અહીંના વેપારીઓમાં ખૂબ જ આક્રોશ વ્યાપી જવા પામ્યો હતો અને પાલિકાની આ કામગીરીને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.



**દાહોદ નગરપાલિકા દ્વારા કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવી ન હતી અને રાત્રિના સમયે આવી અચાનક અમારી લારીઓ ઉપાડી લઈ જવાની કામગીરી કરતા હતા તે સમયે અમોને જાણ હતા અમે સ્થળ પર પહોંચી ગયા હતા ત્યારે અમે અમારી લારી ખસેડી લીધા બાદ પણ પાલિકા તંત્ર દ્વારા અમારી લારીની તોડફોડ કરી નુકસાન કરવામાં આવ્યું છે.**

**અમે વર્ષોથી આ વિસ્તારમાં દાબેલીની લારી ચલાવીએ છીએ, પાલિકા તંત્રના અધિકારીઓ આવી અચાનક અમારી લારી ગલ્લાઓને તોડફોડ કરી નાખી છે, અમારા માટે માત્ર આ જ એક આજીવિકા નું સાધન હતું હવે અમે કોની પાસે જઈશું. અમે તમારું જીવન નિર્વાહ કેવી રીતે કરીશું, એક તરફ સરકાર રોજગાર આપવાની વાત કરે છે તો બીજી તરફ આ કેવા પ્રકારની કામગીરી જેમાં રોજગાર આપવાની જગ્યાએ રોજગાર છીનવી રહ્યા છે, એક તરફ સરકાર બેરોજગારી હટાવવાનું કહી રહી છે તો શું આ રીતે તમે બેરોજગારી હટાવી રહ્યા છો ?**



**દાહોદ નગરપાલિકાના સોની સાહેબ તથા તેમની સાથેના તેમના કર્મચારીઓ રાત્રીના સમયે આવી અમારા રોજગાર ધંધાઓને એટલે કે લારી ગલ્લાઓની તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. અમોને પાલિકા દ્વારા કોઈપણ પ્રકારની આગોતરી જાણ કરવામાં આવી નથી. અને અચાનક રાત્રીના સમયે આવી આ પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે. રાત્રિના સમયે આ કામગીરી રાત્રિના સમયે કરવામાં આવેલ છે રાત્રિના સમયે ચોર આવી કામગીરી કરે, શું તંત્ર ચોર છે ? શાહુકાર હોય તો દિવસે કામગીરી કરે, અમે કોની પાસે જઈએ અહીં નથી નગરપાલિકાના કોઈ કાઉન્સિલરો, નથી કોઈ પોલીસ કે નથી કોઈ સંબંધી તંત્રના અધિકારીઓ, અમોને જાણ કરતા તો અમો અમારા રોજગાર ધંધા સ્વેચ્છાએ ઉઠાવી લેતા પરંતુ અમોને કોઈ પ્રકારની જાણ કરવામાં આવી નથી અને આ પ્રકારની કામગીરી રાત્રી દરમિયાન કરવામાં આવી છે. તમારે મદદ માટે કોની પાસે જવું, તમારી મદદ માટે કોઈ ઉભા રહેવા તૈયાર નથી.**

## દાહોદ નકલી એન.એ.કૌભાંડ : આરોપી બિલ્ડર વિદેશ ગયા અને નાસતા ફરતા હાઈકોર્ટમમાં રજુ કરેલ આગોતરા જામીન અરજી વિડ્રો કરી

દાહોદ,

દાહોદના બહુચર્ચિત નકલી NA ઓર્ડરના કૌભાંડમાં આરોપી તરીકે જેનું નામ ખુલ્યું છે. એવા એક બિલ્ડર કે જેઓ વિદેશ ગયા હોવાનું અને પોલીસ દફતરે નાસતા ફરતા હોવાનું નોંધાયા છે.એવા એક બિલ્ડરે ગુજરાત હાઈકોર્ટમાં પોલીસ દ્વારા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ થયા પછી આગોતરા જામીનની અરજી મૂકી હતી. પરંતુ કેટલાક ચોક્કસ કારણોસર બિલ્ડર દ્વારા આગોતરા જામીનની અરજી વિડ્રો કરી દેવામાં આવી હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

દાહોદના નકલી અને કૌભાંડમાં દાહોદના એક બિલ્ડર ફૂત્બુદ્દીન નુરુદ્દીન રાવત રહેવાસી ઠક્કર પડ્યા દાહોદનું નામ ખુલવા પામતા પોલીસ એ ડિવિઝનમાં ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦,૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧, ૩૪ તથા ૧૨૦ બી મુજબનું ગુનો નોંધી તેને આરોપી તરીકે દર્શાવ્યો હતો. ચકચાર મચાવી મૂકનારા નકલી NA ઓર્ડરના કૌભાંડમાં આ પ્રતિષ્ઠિત બિલ્ડર નું નામ ખુલતા શહેરભરમાં ચકચાર મચી જવા પામી હતી.જોકે એ વખતે આ બિલ્ડર વિદેશની સહેલગાહે ગયો હોવાનું ચોર અને ચૌટે ચર્ચાતું હતું. આજ સુધી જે પોલીસ ગિરફતથી દૂર છે અને પોલીસે જેને નાસતો ફરતો જાહેર કર્યો છે તેવા બિલ્ડરે પોતાના વકીલ મારફતે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જોકે પોલીસ દ્વારા ચાર્જશીટ રજૂ થયા પછી આ બહુચર્ચિત બિલ્ડર કે જે કુતબી રાવતના નામથી દાહોદમાં ઓળખાય છે. તેને ગઈકાલે નામદાર હાઈકોર્ટમાં પોતાના માટે આગોતરા જામીનની અરજી મૂકી હતી આ અંગે દાહોદ પોલીસે પણ ગુજરાત હાઈકોર્ટ પહોંચી પોતાનો વાંધો રજૂ કર્યો હતો. લંબાણપૂર્વકની દલીલોને અંતે અચાનક જ કુતબી રાવતે પોતાની આગોતરા જામીન અરજી પરત ખેંચી હતી. જોકે જાણવા મળ્યા મુજબ કોર્ટે આરોપી બિલ્ડરને પ્રથમ પોલીસમાં હાજર થઈ અને પછી અત્રે આવવાનું જણાવ્યું હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી છે. આરોપી રાવત અંગે શહેરભરમાં તરેહતરેહની ચર્ચાઓ એ જન્મ લીધો હતો. ત્યારે અત્રેથી દુબઈ અને દુબઈથી અન્ય દેશની નાગરિકતા હંસલ કરી ત્યાં જતો રહ્યો હોવાની વાતે પણ ગામમાં ચર્ચાએ જન્મ લીધો હતો. પરંતુ દાહોદ પોલીસે સમગ્ર બાબતે અંગે કોર્ટમાં ચાર્જસીટ રજૂ કરતા જ આરોપીના વકીલે આગોતરા અરજી રજૂ કરતા પોલીસ તંત્ર સહિત વહીવટી તંત્ર પણ ચૂકી ઉઠ્યું હતું.અને હાઈકોર્ટમાં પોલીસે પોતાના વાંધા અરજી રજૂ કરી આરોપી સામેના પૂરતા પુરાવાઓ રજૂ કરતા કોર્ટે તેની ગંભીર નોંધ લીધી હોવાનું અને પોતાની તરફેણમાં ચુકાદો નહીં આવે તેવું લાગતા આખરે પ્રતિષ્ઠિત બિલ્ડરે પોતાની જામીન આગોતરા જામીન અરજી પરત ખેંચી હોવાનું જાણમાં આવ્યું છે આગોતરા જામીન અરજી પરત ખેંરચા પછી હવે આ બિલ્ડર પોલીસ સમક્ષ હાજર થશે કે લુપાછુપી નો દાવ રમાશે એ આવનાર સમય કહેશે.

## વરસાદે લીધેલા વિરામ બાદ જિલ્લા વહીવટી તંત્રએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી



દાહોદ,

દાહોદ જિલ્લામાં વરસાદ બાદ જિલ્લા તંત્ર દ્વારા જનજીવનને ફરીથી પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ભારે વરસાદના કારણે જે ગંભીર પરિસ્થિતિ ઊભી થઇ હતી જેને પગલે સામાન્ય લોકોના ઘરો તેમજ મુખ્ય માર્ગોની સાથોસાથ અંતરિયાળ ગામોના રસ્તાઓનું પણ ધોવાણ થતા બિસ્માર થયેલા રસ્તાઓને મરામત કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ધાનપુર તાલુકાના પીપેરો ખાબડ ફળીયા, સજોઈ દુકન ફળીયા, નળું લુખડીયા સીમાડાથી અદલવાડા ડેમ તેમજ ચારી એપ્રોચ જેવા રોડની સમારકામની કામગીરી સંબંધિત વિભાગ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે એ ઉપરાંત હાલ અન્ય રસ્તાઓના પેચવર્ક ની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

## લીમખેડા એડિ. સેશન્સ જજનો ગૌહત્યારાને ફફડાવતો ચુકાદો

## બારીઆ અને ધાનપુરમાં ગૌહત્યા બદલ પાંચને ૭ વર્ષની જેલ, ૧-૧ લાખનો દંડ,દંડની રકમ નહીં ભરે તો વધુ એક વર્ષની સજાનો કોર્ટનો હુકમ

દે.બારીઆ,

દાહોદના દેવગઢ બારીઆ અને ધાનપુર તાલુકામાં ગૌહત્યા બદલ ૫ આરોપીને ૭–૭ વર્ષની જેલની સજા અને ૧–૧ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. લીમખેડાના એડિશનલ સેશન્સ જજ એચ.એચ. ઠક્કરની કોર્ટે ગૌહત્યા કરનારા આરોપીઓમાં ફફડાટ ફેલાવતો ચુકાદો સંભળાવ્યો છે.

૧૮ સપ્ટે. ૨૦૨ ૨ના રોજ દેવગઢ બારીઆમાં પોલીસે રેડ પાડી ક્રૂરતાપૂર્વક બાંધેલા ૯ નંગ ગૌવંશ તથા ૫૦ કિગ્રા જેટલું ગૌમાસ સાથે અફઝલ હબીબભાઈ મિર્ઝાની ધરપકડ કરી હતી. તેની સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ તથા પ્રાણી ક્રૂરતા સંરક્ષણ અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસ એડિશનલ સેશન્સ કોર્ટ લીમખેડાના જજ એચ.એચ. ઠક્કરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ એસ.બી.ચૌહાણની ધારદાર દલીલોને ધ્યાને લઈ લીમખેડા સેશન્સ કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી ૭ વર્ષની સખત કેદની સજા તથા ૧ લાખ રૂપિયાનો દંડ જો નહીં ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. અન્ય કેસમાં ધાનપુરના ચીમનકુવા ફળિયાના ગુલાબ ભુરીયા, મંગા વાખળા, સુમલા ભુરીયા તથા કાકડખીલા ગામના દીપક ઉર્ફે દીપા નાનિયાભાઈ ભુરીયાએ પોલીસે ૪ મે, ૨૦૨૧ના રોજ ગૌહત્યા કરી ગૌમાંસને સગેવગે કરતા પકડી પાડયા હાત. તેમાં પણ સેશન્સ કોર્ટે ચારે આરોપીઓને તકસીરવાર ઠેરવી પ્રત્યેક આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા તથા ૧– ૧ લાખનો દંડ જો દંડની રકમ નહીં ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો.

## ઝાલોદના લીમડીમાં કેટલાક વ્યકિત દ્વારા ઘરેણા ગીરવે મુકી લીધેલા નાણાં ચુકવી દેવા છતાં ઘરેણા નહિ આપતા ફરિયાદ

દાહોદ

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં કેટલાક વ્યક્તિઓ દ્વારા એક ઈસમ પાસે પોતાના ઘરેણાઓ ગીરવે મૂકી રોકડા રૂપિયા લીધા હતા અને તેનું મુદ્દલ તેમજ વ્યાજ ચૂકવી દીધા બાદ પણ વધારે વ્યાજ લેવાના ઈરાદે ઈસમે વ્યક્તિઓના ઘરેણા નહીં આપતા આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે.

ઝાલોદના પેથાપુર ગામે વખતપુરા ફળિયામાં રહેતા નિલેશભાઈ મનસુખભાઈ હાંડા તથા તેમની સાથેના કેટલાક વ્યક્તિઓ દ્વારા ઝાલોદના લીમડી નગરમાં રહેતા અરવિંદભાઈ હસમુખલાલ બંભ પાસે વર્ષ ૨૦૧૩ ના સમયગાળા દરમિયાન પોતાના ઘરેણા ગીરવે મૂકી રોકડા રૂપિયા લીધા હતા અને અમુક સમય પછી તેઓએ મુદ્દલ તેમજ વ્યાજ સહિત અરવિંદભાઈ ને રૂપિયા ચૂકવી દીધા હતા પરંતુ વધારે વ્યાજ લેવાના ઈરાદે અરવિંદભાઈ દ્વારા આજે દિન સુધી ઘરેણા પરત ન આપતા આ સંબંધે નિલેશભાઈ મનસુખભાઈ હાંડાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના અસરગ્રસ્તોને નુકસાન માટે સહાય વિતરિત કરી



દાહોદ,

તાજેતરમાં થયેલા અતિ ભારે વરસાદને પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે. વરસાદ બંધ થતાં સાફ સફાઈ, દવાનો છંટકાવ, રસ્તા તેમજ વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી ટોચ અગ્રતાથી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે, રાજ્યના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા વરસાદથી થયેલ નુકસાની માટે અસરગ્રસ્તોને સહાય વિતરિત કરવામાં આવી હતી.

મંત્રી એ ધાનપુર તાલુકાના કુલ ૩૧ કાચા મકાનો/ પશુની ૧,૨૪,૦૦૦ જેટલી સહાયનું મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. સહાય વિતરણ દરમ્યાન ટી.ડી.ઓ.રાઠવા, ગામોના સરપંચ, તલાટી તેમજ ગામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. અલગ અલગ ગામના સહાય મેળવનાર અસરગ્રસ્ત નાગરિકોએ સહાય સમયસર પહોંચાડવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીએ સરપંચઓ તેમજ ગામ અગ્રણીઓ સાથે વરસાદથી થયેલ નુકસાન તેમજ ગામના વિકાસકાર્યો વિશે ચર્ચા કરી હતી તેમજ અસરગ્રસ્તોને સહાય વિતરણ કર્યું હતું. નોંધનીય છે કે, જિલ્લામા વરસાદ બંધ થતાં ગણતરીના દિવસોમાં જ વહીવટી તંત્ર દ્વારા ઘટનાસ્થળ મુલાકાત, પશુઓના મૃતદેહનું પી.એમ. વગેરે નિયમાનુસારની પ્રક્રિયાઓ પૂર્ણ કરીને ગાઈડલાઈન અનુસારની પૂર્વનિર્ધારિત રકમની પશુમૃત્યુ સહાય અસરગ્રસ્ત પશુપાલકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

## ફતેપુરાના કથાગર ગામની પરિણિતાને પતિ દ્વારા ત્રાસ અપતા પરિણિતાએ કુવામાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યુ

દાહોદ

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કંથાગર ગામે એક પરણીતાને તેના પતિ દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી પરણીતાએ અગાઉ ઘર છોડી દીધેલ તેની સાથે વાત કરતી હોવાનો ખોટો શક વહેમ રાખી પરણીતાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા પતિના આવા ત્રાસથી વાજ આવેલ પરણીતાએ કૂવામાં ઝંપલાવી મોત વહાલું કર્યું હોવાનું જાણવા મળે છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં જાનવડ ની મુવાડી ગામે માલીવાડ ફળિયામાં રહેતા ઈશ્વરભાઈ દલસુખભાઈ માલીવાડની પુત્રી પુષ્પાબેન ના લગ્ન દાહોદ જિલ્લાના ફતેપુરાના કંથાગર ગામ ખાતે રહેતા સુક્રમભાઈ લાલાભાઈ બારીયા સાથે કરવામાં આવ્યા હતા ત્યારે પુષ્પાબેનના પતિ સુક્રમભાઈ દ્વારા પરણીતાને એક માસ સુધી સારું રાખ્યા બાદ પતિ સુક્રમભાઈનું પોત પ્રકાશ્યું હતું અને પરણીતા પુષ્પાબેનને અગાઉ ઘર કરી દીધેલ તેની સાથે હજી પણ વાત કરે છે તેઓ ખોટો શક વહેમ રાખી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતો હતો આવા અમાનુસી ત્રાસથી વાજ આવેલ પરણીતા પુષ્પાબેનએ ગત તારીખ ૧૦ મી ઓગસ્ટના રોજ કંથાગર ગામે એક પાણીવાળા કૂવામાં મોતની છલાંગ લગાવી હતી. પરણીતા પુષ્પાબેન નું કૂવામાં ડૂબી જવાને કારણે મોત નીપજ્યું હતું.આ સંબંધે ઈશ્વરભાઈ દલસુખભાઈ માલીવાડ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લાના આંતરિયાળ વિસ્તારમાં સ્મશાન ગૃહના અભાવે ચોમાસામાં અંતિમક્રિયા કરવા માટે મુશ્કેલીઓ

દાહોદ,

આઝાદીનો અમૃત કાળ ચાલી રહ્યો છે અને તેની વચ્ચે દાહોદ જિલ્લામાંથી ત્રણ અલગ અલગ વરસાદના સમયની અંતિમ ક્રિયા માટેના દ્રશ્યો સામે આવચા છે જેમાં દાહોદ જિલ્લો આદિવાસી બાહૂલ્ય ધરાવતો વિસ્તાર હોય અને અંતરીયાળ અને છેવાડાના વિસ્તારોમાં હજુ પણ આઝાદીના અમૃતકાળની ઉજવણીઓ વચ્ચે પણ આદિવાસી સમાજ પાસે સરકારનો વિકાસનો રથ પહોંચ્યો નથી છેવાડાના અને અંતરિયાળ વિસ્તારોમાં સરકારે દરેક સહાયતાઓ ઊભી કરી છે તેવા વાયદાઓ કરવામાં આવતા હોય છે પરંતુ આ જે દ્રશ્યો સામે આવ્યા છે આ દ્રશ્યો સિસ્ટમનું ફેલીયર ગણવામાં આવી રહ્યું છે આ પહેલા દ્રશ્યો છે જે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના નાની ઢઢેલી ગામના બેદી ફળિયાના લોકો અંતિમ ક્રિયા માટે નદીમાંથી પસાર થઈ અને



સમસાન વગરના નદીના ઢેર ઉપર અંતિમ ક્રિયા કરવામાં આવે છે અહીંયા પણ સરકાર અને સિસ્ટમનું ફેલીયર જોવા મળી રહ્યું છે જેમાં માત્ર કાગજ ઉપર જ તમામ સુવિધાઓ પૂર્ણ કરવામાં આવી હોય તેમ લાગી રહ્યું છે અને તેના કારણે ગામના લોકોનું મોત નીપજે ત્યારે આવી પરિસ્તિથીમાં અંતિમ ક્રિયા માટે સવ લાવવામાં આવી રહ્યા છે તે ખુબજ દુખ ભર્યા દ્રશ્યો છે

ત્યારે આ બીજી તસ્વીરો છે જે દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા માંથી સામે આવી છે જેમાં ગરબાડા તાલુકાના નલવાય ગામના નાના નળવાઈ ફળિયાની છે જેમાં ગામના ઈસમનું મોત નીપજે છે જેમાં અંતિમક્રિયા માટે સ્મશાન ખાતે લઈ જવામાં આવે છે પરંતુ આ ગામના ફળિયામાં રોડની વ્યવસ્થા નથી સ્મશાનની વ્યવસ્થા નથી અને ગામના કોઈપણ વ્યકિતનું મોત નીપજે ત્યારે આ જ પ્રમાણે તેમના સવને અંતિમક્રિયા માટે લઈ જવામાં આવે છે જેમાં ખેતરો ઓળંગીને આદિવાસી સમાજના લોકો અંતિમક્રિયા માટે સ્વને લઈ જાય છે


જયારે ત્રીજા દ્રશ્યોમાં એજ ગરબાડા તાલુકાના સીમલીચા બુઝર્ગ ફળીયાની છે જેમાં પણ આજ પ્રમાણે વરસાદી માહોલની વચ્ચે કાદવ કીચડ અને ખેતરોના ખેતરો પાર કરીને સવને અંતિમ ક્રિયા માટે લઈ જવું પડે છે જેમાં આ દ્રશ્યો બતાવી રહ્યા છે કે અંતરીયાલ અને છેવાડાના વિસ્તારોમાં આઝાદીના અમૃત કાળ વચ્ચે સરકારની વિકાસનો રથ પહોંચ્યો નથી સિસ્ટમ પાસે ગામડાનો વિકાસ માત્ર કાગળો પર બતાવવામાં આવી રહ્યો છે આવા અંતરિયાલ અને છેવાડાના વિસ્તારના લોકો સરકાર પાસે અને સિસ્ટમ પાસે રોડ રસ્તા અને સ્મશાન માટેની માંગ કરી રહ્યા છે સરકારી સિસ્ટમે આઝાદીના અમૃત કાળ વચ્ચે આવા આંતરિયાળ અને છેવાડાના વિસ્તારોમાં ધ્યાન આપવું જોઈએ અને સુવિધાઓ પહોંચાડવી જોઈએ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.10

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ભારે વરસાદને કારણે પંચમહાલ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓના રિપેરિંગની ધમધમતી કામગીરી





ગોધરા,

સમગ્ર રાજ્ય સહિત પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા, તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના-મોટા રોડ/રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને થયેલ નુકસાનને લીધે જાહેર નાગરિકોને મુશ્કેલી ભોગવવી ના પડે તે માટે સરકારશ્રી દ્વારા મળેલ સૂચના અનુસાર રિપેરિંગની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા તમામ નાના-મોટા રોડ, રસ્તાઓ માટે આર એન્ડ બી સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓની રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં મુખ્યત્વે ગોધરા,હાલોલ, કાલોલ,ઘોઘંબા અને શહેરા સહિતના તાલુકામાં ભારે વરસાદ તથા પાણી ભરાવાના કારણે કુલ ૨૨ જેટલા રસ્તાઓને અસર થઈ હતી, જેના પગલે યાતાયાતને પણ અસર થવા પામી હતી. વહીવટી તંત્ર દ્વારા આ રસ્તાઓને સત્વરે મરામત કરી મોટરરેબલ કરવા કામગીરી હાથ ધરાઈ છે. ૨૨ રસ્તાઓ પૈકી હાલ ૧૯ માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત થઈ ગયો છે. આ ઉપરાંત જ્યાં પાણી ભરાયા હતા એ પાણી ઓસરતા ક્રમશઃ રિપેરિંગ તથા પેચવર્કની કામગીરી સત્વરે હાથ ધરાઈ છે.

## ગોધરા-હાલોલ રોડ ઉપર પેસેન્જરોમાં દોડતા વાહનો ઉપર એસ.ટી તંત્ર એટલું બધું મહેરબાન

# વેજલપુર બસ સ્ટેન્ડમાંથી વાહનોમાં પેસેન્જર ભરતા હોવાનો વીડિયો સામે આવ્યો



ગોધરા,

ગોધરા-હાલોલ રોડ ઉપર પેસેન્જરો માં રાત દિવસ દોડતા વાહનો ઉપર એસ.ટી નિગમ નું તંત્ર એટલું બધું મહેરબાન બની ગયું છે ગોધરા-હાલોલ રોડ ઉપર દોડતા વાહનો ને બસ સ્ટેશનોમાંથી વાહનોનો પેસેન્જર ભરવાનો પરવાનો આપી દીધો હોય તેમ ડાયરેક બસ સ્ટેશન માંથી બસ સ્ટેશન ના પ્લેટફોર્મ ઉપર થી મુસાફરો ભરતા હોવાથી જાગૃત નાગરિક દ્વારા બે અલગ અલગ વીડિયો બનાવ્યા હોવાનો વીડિયો સામે આવ્યો છે જેથી એસ.ટી નિગમના તંત્ર ને ટેબલ નીચે મોટી નોટોનો પ્રસાદ પહોંચી જતો હોય જેના કારણે મુકપ્રેક્ષક બની રાજ્ય સરકારને લાખો રૂપિયાનો ચૂનો ચોપડી પોતાના ખિસ્સા ભરતા હોય તેમ લાગી રહ્યુ છે . એક સમય એવો હતો કે એસ.ટી નિગમનું તંત્ર અઠવાડિયામાં બે થી ત્રણ વખત જીલ્લા ટ્રાફિક ને સાથે રાખી જોઈન્ટ ચેકીંગ કરતા હતા જેથી ગોધરા-હાલોલ રોડ ઉપર જોઈન્ટ ચેકીંગની ખબર પડતાં ની સાથે ગોધરા-હાલોલ રોડ ઉપર સન્નાટો છવાઈ જતો હતો અને રાજ્ય સરકાર ની એસ.ટી નિગમને લાખો રૂપિયા ની આવક થતી હતી ગોધરા-હાલોલ રોડ ઉપર પેસેન્જરો માં ચાલતા વાહનો બસ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર થી પેસેન્જરો ભરવાની હિંમત તો શું ગોધરા-હાલોલ રોડ ઉપર પેસેન્જરોમાં ફરવાની હિંમત પણ કરતા ન હતા અને અત્યારે જાણે એસ ટી નિગમ ના અધિકારીઓ ને મોટી મોટી નોટો નો મોટો પ્રસાદ તેઓ ના ટેબલો સુધી પહોંચી જતા હોવાથી ગોધરા હાલોલ રોડ ઉપર ચેકિંગ કરવાનું છોડી દીધું હોય તેમ લાગી રહ્યુ છે. જેથી ગોધરા -હાલોલ રોડ ઉપર દોડતા વાહન ચાલકો ને મોકળું મેદાન મળી ગયું છે અને ગુજરાત રાજ્ય એસ.ટી નિગમ ની બસો હાઈવે ઉપર ખાલી ખમ દોડતી હોવાથી ગુજરાત રાજ્ય એસ.ટી નિગમ વિભાગ ની તિજોરી ને લાખો રૂપિયા નું નુકશાન થતું દેખાય રહ્યુ છે અને એસ ટી તંત્ર ના અધિકારી ઓની નબરી કામગીરી કરી રહયા હોવાથી એક કહાવત સાર્થક બની (ના બાપ બડા ના ભય્યા બડા સબસે બડા રૂપૈયા ) જેથી હવે ઘણા વર્ષો થી ભૂલી પડેલ એસ ટી વિભાગ ની ટિમ જાગશે ખરી કે પછી ટેબલો ના નીચેના વેહવારો ની નિદ્રામાં રહેશે તે હવે આવનારો સમય બતાવશે.

# કાલોલ ગોમા નદીના નિર્માણાધિન તૂટેલા બંધ કોઝ વે પર એક્ટિવા મોપેડ શિખવા ગયેલ યુવાન નદીના પ્રવાહમાં ખાબક્યો



કાલોલ,

કાલોલ નગરમા આવેલ શબનમ સોસાયટીમાં રહેતા સમીર કંસારા ને એક પુત્રી અને બે પુત્ર હતા. ત્રણ સંતાનો પૈકી સૌથી નાનો પુત્ર મોહમ્મદ સમીર કંસારા (ઉ.વ ૧૭ ) ૩૧ ઓગષ્ટ ને શનિવારના રોજ સાંજે ૬:૪૫ થી ૭:૧૫ ના સમય કાળ દરમ્યાન નગર વિસ્તારમા આવેલ કોર્ટે પાસેની ભરિયાદપીરથી ગોળીબાર વચ્ચે પસાર થતી ગોમાનદી પર નિર્માણાધિન કોઝ વે પર તેના મિત્રો સાથે ગયો હતો.મોહમ્મદ સમીર કંસારા એ તેણી સાથે કોઝ વે પર આવેલા તેના મિત્રની GJ 7 EF ૭૮૬૧ નંબર ની એક્ટિવા મોપેડ ટુ વ્હીલર લઈ શીખવા કોઝ વે પર લઈ ગયો કોઝ વે મધ્યસ્થ પોહચી એક્ટિવા મોપેડ નો ટ્રંન લઈ પાછા વળવા જતા એક્ટિવાનું સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા યુવાન એક્ટિવા સાથે પાણીના વહેતા પ્રવાહમાં ખાબક્યો હતો.યુવાનને ડુબતો જોઈ કોઝ વે પર ઊભેલા અંજાન વ્યક્તિએ બચાવવા માટે પાણી મા જંપ લગાવ્યો પરંતુ પાણીના પ્રવાહના વેગ સામે તેણી જીગર ચાલી નહીં જેથી તે નદીના કાંઠે આવી કાઠા પર રહેતા આસપાસનાં લોકોને ઘટનાની જાણ થતાં લોક ટોળું ધસી આવ્યું હતું. જોકે બનાવની જાણ સ્થાનિક વહિવટી તંત્ર ને થતા કાલોલ મામલતદાર યોગેન્દ્રસિંહ પુવાર, કાલોલ પી.આઈ આર. ડી.ભરવાડ, નગરપાલીકા ચીફઓફીસર મિલાપ પટેલ, ન્યાય મામલતદાર સહિત પોલીસ ટીમ અને કાલોલ નગરપાલીકા ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પાણીના પ્રવાહમાં તણાઈ ગયેલા યુવાનને ફાયર ટીમ દ્વારા પાણીમાં શોધખોળ શરૂ કરી પરંતુ તણાઈ ગયેલ યુવાન નહીં પણ એક્ટિવા મોપેડ પાણી માંથી બહાર કાઢી રાત્રીના અંધકારમાં પાણી મા શોધવું મુશ્કેલ બન્યું હતું. જેથી કાલોલ શકિતપુરા વસાહત મા રહેતા અને બોરૂ ગામના તરવૈયા ને પણ પાણીમા ડૂબેલ યુવાનને શોધવાની કવાયત હાથ ધરી હતી. તે સમય દરમ્યાન કાલોલ મામલતદાર દ્વારા ગોધરા ફાયર બ્રિગેડ ટીમ ને જાણ કરતાં તાબડતોબ ઘટનાસ્થળે ગોધરા ટીમ આવી પોહચી અને બોટ લઈ ગોમા નદીમા ડૂબેલ યુવાનને બિલાડીઓ પાણીમા ફેરવી મોડી રાત્રે ૧૧:૧૦ ના સમયમા ગાળામાં ગોધરા ફાયર ટીમને સફડતા મળી અને બોટ મારફતે ડૂબેલા યુવાનનો મૃતદેહ નદી માંથી બહાર લાવવામાં આવ્યો હતો. વહિવટી તંત્ર દ્વારા તેના પરીવાર ને જાણ કરતા કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પોસ મોટમ માટે ખસેવામાં આવ્યો હતો. ઘટના સ્થળે પંચમહાલ જિલ્લા સાંસદ સભ્ય રાજપાલ જાદવ, કાલોલ સ્થાનિક વહિવટી તંત્ર, ગોધરાના જિલ્લા પ્રોજેકટ અધિકારી વિરલ ક્રિશિયન, ફાયર વિભાગ ગોધરાના ઈન્ચાર્જ ઓફિસર દિનેશ.એસ ડિંડોડ ફાયર ટીમના ક્રિષ્ણા સોલંકી, વદનજી ઠાકર, સતીષ ડાંગી, ટ્રેનીંગ ફાયરમેન અશ્વિન પલસ, ઋષિ ગુજર નાઓ એ નદીમાં પાણી મા ડૂબેલ યુવાનને શોધતા મોડી રાત્રે મૃતદેહ શોધી પાણી બહાર લાવવામાં આવ્યો હતો. જોકે સ્થાનિક રહીશો દ્વારા નગરપાલીકનાં વહિવટી તંત્રની બિન કાળજીથી બનાવેલા કોઝ વે ના વહિવટ સામે આક્ષેપોનો ફિટકાર વરસાવ્યો હતો.

# ગોધરા શહેરના સાંપા રોડ ઉપર આવેલ રમણ પાર્ક સોસાયટીમાં વરસાદી પાણી ભરાવા અંગે વર્ષો જૂના પ્રશ્નનું સમાધાન કરતું તંત્ર



ગોધરા,

ગોધરા શહેરમાં સતત ત્રણ દિવસ પડેલ ભારે વરસાદના કારણે ગોધરા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયુ હતું. પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમારના માર્ગદર્શન તથા પ્રેરક ઉપસ્થિતિ હેઠળ લીધેલ મુલાકાત દરમ્યાન શહેરના સાંપા રોડ, પંચવટી પાસે આવેલ રમણ પાર્ક સોસાયટીમાં વરસાદી પાણી ભરાયેલું ધ્યાને આવતા તેમજ મુલાકાત વેળા સ્થાનિક લોકો દ્વારા ઘણા વર્ષોથી આ પ્રકારે વરસાદી પાણી ભરાતું હોવા અંગે અને તેનાથી તેઓનું રોજીંદુ જન જીવન ખોરવાતું હોવા અંગે રજુઆત કરાઈ હતી. જે અન્વયે તા.૩૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ મહેસુલ, આર એન્ડ બી તથા નગરપાલીકાના અધિકારી/ કર્મચારીશ્રીઓની ટીમ દ્વારા આ સ્થળનું નિરીક્ષણ કરીને પાણીના નિકાલને નડતર રૂપ કમ્પાઉન્ડ વોલ/ બાંધકામને દૂર કરી તથા લેવલીંગની કામગીરી કરી,ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરી વર્ષો જુના પ્રશ્નનું સમાધાન કરેલ છે,તેમ ગોધરા પ્રાંત અધિકારીશ્રી પ્રવિણસિંહ જૈતાવત દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

# ઘોઘંબા બેરિયા ગામના ફરિયાદીને વોટ્સએપ મેસેજ કરી આરોપીએ ધમકી આપતા ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના બેરીયા ગામે રહેતા ફરિયાદીના મિત્રને મોબાઈલના વોટ્સએપમાં આરોપીએ મેસેજ કરી તમારા ટાઈગર ગ્રુપને અને તારા મિત્રને સમજાવી દેજે નહિ તો મારા મારી કરીશુ અને આરોપીઓએ મૌખિક ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘોઘંબા તાલુકાના બેરિયા ગામે રહેતા ફરિયાદી મુકેશભાઈ કુવરસિંહ રાઠવાના મિત્ર ભરતભાઈ ઝલુભાઈ રાઠવાના મોબાઈલ ફોનના વોટ્સએપ ઉપર આરોપી વિજયભાઈ સબુરભાઈ રાઠવા(રહે.પલ્લા, તા.ઘોઘંબા)એ મેસેજ કર્યા હતા અને મેસેજમાં તારા ટાઈગર ગ્રુપને તથા તારા મિત્ર મુકેશને સમજાવી દેજે નહિ તો નગ્ન કરીને મારા મારીશ તેમજ ફરિયાદીના ભાઈ વરતાનભાઈ રાઠવાને આરોપીઓએ મૌખિક જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.



ઘોઘંબા તાલુકા ના સાજોરા ગામ ખાતે માઁ આશાપુરા મંદિરના આંગણમાં ડો દેવરાજસિહ બારીઆ તેમજ વકીલ મહેશસિંહ બારીઆ તેમજ ડો.ધર્મેન્દ્રસિંહ બારીઆ તેમજ સામાજિક કાર્યકર હિતેશસિંહ બારીઆ ઓ દ્વારા નિઃશુલ્ક આરોગ્ય સેવા કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૦૦ જેવા દર્દીઓ આ નિઃશુલ્ક કેમ્પનો લાભ લીધો..

# શહેરાના તાડવા ગામે ખાણ ખનીજ વિભાગે પથ્થર અને રેતી ભરેલ બે વાહનો મળી ૧૫ લાખનો મુદ્દામાલ ઝડપ્યો




શહેરા,

શહેરા તાલુકાના તાડવા ગામ પાસેથી ખાણ ખનીજ વિભાગે સફેદ પથ્થર અને રેતી ભરેલ બે વાહનો ઝડપી પાડી રૂ.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે સ્થાનિક તંત્ર ખનીજ ચોરી અટકાવવામાં નિષ્ફળ નિવડી રહ્યું છે.

પંચમહાલ જિલ્લામાંથી ખનીજ ચોરો દ્વારા સફેદ પથ્થર અને રેતી જેવી ખનીજ સંપત્તિનું અનઅધિકૃત રીતે ખનન કરી બેરોકટોક ખનીજ સંપત્તિની હેરાફેરી કરવામાં આવતી હોય છે,જેના કારણે સરકારી તિજોરી થતી આવકને મોટાપાયે નુકશાન થતું હોય છે,અને શહેરા તાલુકા સહિત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી જમીનોમાંથી સફેદ પથ્થર અને જિલ્લામાં આવેલી નદીઓમાંથી રેતીનું ગેરકાયદેસર ખનન થતું હોવાનું જાણવા છતાં ખનીજ વિભાગ માત્ર નજીવા વાહનો પકડીને પોતાની કામગીરી બતાવતું હોય છે,ત્યારે એ જ પ્રકારે પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમ શહેરા તાલુકામાં પેટ્રોલીંગમાં હતી,તે સમય દરમ્યાન શહેરા-ગોધરા હાઈવે ઉપર આવેલ તાડવા ગામ પાસેથી સફેદ પથ્થર ભરીને પસાર થતી એક ટ્રક નંબર જીજે ૨૩ ડબ્લ્યુ ૪૩૮૯ ને ઉભી રખાવી ટ્રકમાં ભરેલ સફેદ પથ્થર અંગે પાસ પરમીટ માંગતા ચાલકે પાસ પરમીટ રજૂ નહીં કરતા ખાણ ખનીજ વિભાગે સફેદ પથ્થર ભરેલ ટ્રક સહિત અંદાજીત રૂપિયા ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો,તો બીજું એક જીજે ૧૭ બીએચ ૪૬૮૩ નંબરનું ટ્રેક્ટર તાડવા ગામ પાસેથી રેતી ભરીને પસાર થતું હતું,તેને પણ ઉભું રખાવી ટ્રેક્ટરમાં ભરેલ રેતી અંગે પાસ પરમીટ માંગતા પાસ પરમીટ રજૂ નહીં કરતા રેતી ભરેલ ટ્રેક્ટરને પણ ઝડપી પાડ્યું હતું.આમ ખાણ ખનિજ વિભાગે ગેરકાયદે સફેદ પથ્થર અને રેતી ભરેલ બે વાહનો ઝડપી પાડી અંદાજીત ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બંને વાહનોને શહેરા તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડમાં મુકાવી કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરાના ભોટવા ગામના આંબલી ફળિયામાં પાણી ભરેલા કુવામાંથી બે દિવસથી ગુમ પરિણીતા અને તેના એક વર્ષના પુત્રની લાશ મળી આવતા ચકચાર મચી



શહેરા,

શહેરા તાલુકાના ભોટવા ગામના આંબલી ફળિયામાં આવેલા પાણી ભરેલા કુવા માંથી બે દિવસથી ગુમ પરિણીતા અને તેના એક વર્ષના પુત્રની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી લાશને બહાર કાઢીને પીએમ અર્થે મોકલી દેવામાં આવી હતી. પોલીસ આ મામલે એડી નોધી ને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

શહેરા તાલુકાના ભોટવા ગામ ના આંબલી ફળિયામાં રહેતી પરણિતા મનીષા ઉદેસિંહ બારીઆ તેના એક વર્ષના પુત્ર નિમેષ સાથે ૨૯ ઓગસ્ટ ના રોજ ઘરેથી નીકળી ગઈ હતી. જ્યારે ઉદેસિંહ બારીયા ઘરે જતા પત્ની અને બાળક ન દેખવા મળતા ફળિયામાં અને ગામમાં શોધખોળ હાથધરી હતી. જોકે બે દિવસ સુધી પોતાની પત્ની મનીષા અને એક વર્ષના પુત્ર મળી નહી આવતા સગા સંબંધીઓ સાથે પિયર પક્ષને પણ જાણ કરી હતી. શનિવારના સવારમાં ઉદેસિંહ બારીયા ને પોતાની ઘરના પાસે આવેલા પાણી ભરેલા કુવામાં પોતાના એક વર્ષના પુત્ર અને પત્નીની લાશ તરતી જોવા મળતા તેમને બૂમાબૂમ કરતા ફળિયાના લોકો બધા ભેગા થઈ ગયા હતા. બનેલી ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ સ્ટાફ પણ સ્થળ ઉપર દોડી આવ્યો હતો. પાણી ભરેલ કુવામાંથી પરિણીતા અને એક વર્ષના બાળકની લાશ ને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢીને પીએમ અર્થે મોકલી દેવામાં આવી હતી. બનેલી ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા. પોલીસ મથક ખાતે મરણ જનાર પરિણીતા ના પતિ દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે એડી નોધી ને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છેકે આશરે ૨૯વર્ષીય પરણિતા મનીષા અને તેના એક વર્ષ ના પુત્રની લાશ ઘરની પાસે આવેલા પાણી ભરેલા કૂવામાંથી મળી આવતા પોલીસે મરણ જનાર પરિણીતાના પતિ ઉદેસિંહ ની પૂછપરછ કરવામાં આવા સાથે વધુ તપાસ શરૂ કરી હતી. જોકે આ બનેલી દુઃખદ ઘટનાને લઈને સમગ્ર તાલુકામાં ચકચાર મચી જવા પામી હતી.

# શહેરા તાલુકા ગ્રામ્ય વિસ્તારોમાં ધોવાયેલા રસ્તાનુ સમારકામ હાથ ધરાયુ



શહેરા,

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ભારે વરસાદના કારણે રસ્તાઓને થયેલ નુકશાન લઈને માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા રસ્તાઓની મરામત હાથ ધરવામાં આવી હતી.

શહેરા તાલુકામાં ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓને નુકશાન થતાં માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા રસ્તાની મરામત હાથ ધરવામાં આવી હતી.જ્યારે વાડી વલ્લભપુર તરફ જવાના માર્ગ ઉપર તેમજ અન્ય રસ્તાઓ પર પડેલા ખાડાઓ પૂરીને વાહન ચાલકોને અવર જવરમાં તકલીફ ન પડે તે માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે રસ્તા પર પડેલા મસ મોટા ખાડાઓની મરામત માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા કરવામાં આવતા જાગૃત વાહનચાલકોએ આ કામગીરીને બિરદાવી હતી.

# ગોધરા સાતપુલ-વેજલપુર રોડ પર ભુવો પડતા પાલિકા તંત્ર એકશનમાં આવ્યુ

ગોધરા,

ગોધરાના ભરચક વિસ્તાર સાતપુલ વેજલપુર માર્ગ પર એક મોટો ભુવો પડી જતાં વોર્ડ નં.-૭ના સ્થાનિક કાઉન્સિલર સિદ્દીકભાઈ સાહેબખા (ડેની)દ્વારા તાત્કાલિક પાલિકાના મુખ્ય અધિકારીને જાણ કરતા પાલિકા ટીમ એકશનમાં આવી હતી.

ગોધરા સાતપુલ વેજલપુર મુખ્ય માર્ગના મદયમાં એક મોટો ભુવો પડતાં મુખ્ય માર્ગ પર અકસ્માતની ભિતી સેવાઈ રહી હતી. સ્થાનિકો દ્વારા વિસ્તરણ કાઉન્સિલરને જાણ કરતા તાત્કાલિક પાલિકા ટીમ મુખ્ય અધિકારી સહિત સ્થળ પર દોડી આવ્યા હતા. જેસીબી વડે કામગીરીનો પ્રારંભ કરીને ભુવાની રિપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. મુખ્ય માર્ગ પરના ભુવાની રિપેરીંગ કામગીરી દરમિયાન પાલિકાના મુખ્ય અધિકારી સહિતના અધિકારીઓ દ્વારા ખડેપટે કામગીરી પુર્ણ કરવામાં આવેલ હતી. સમસ્યાનુ તાત્કાલિક નિવારણ લવાયુ હતુ.

# શહેરાના વાઘજીપુર ચોકડી પાસે સેન્ટ આર્નોલ્ડ સ્કુલના વિદ્યાર્થી ભરેલ ઈકો અને ટેન્કર વચ્ચે અકસ્માતમાં બે વિદ્યાર્થીઓને ઈજાઓ



શહેરા,

શહેરા વાઘજીપુર ચોકડી પાસે ગોધરા ની સેન્ટ આનોલ્ડ સ્કૂલના વિદ્યાર્થીઓ ભરેલી ઈકો કાર અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જોકે આ બનેલી ઘટનામાં બે કરતા વધુ વિદ્યાર્થીઓને ઈજા પહોંચવા સાથે મોટી ઘટના બનતી અટકી હતી.

શહેરા ગોધરા હાઈવે ઉપર વાઘજીપુર ચોકડી પાસે ગોધરા સેન્ટ આનોલ્ડ સ્કૂલના પાંચ કરતા વધુ વિદ્યાર્થીઓ ભરેલી ઈકો કારને અકસ્માત નડ્યો હતો. ટેન્કર ચાલકે ઈકો કાર ને પાછળથી ટક્કર મારતા અંદર બેઠેલા અમુક વિદ્યાર્થીઓને શરીરે ઈજા પહોંચી હતી. જોકે અકસ્માત કર્યા બાદ ટેન્કર ચાલક એ પોતાની ગાડી લુણાવાડા તરફ ભગાડી મૂકતા અણીયાદ ચોકડી પાસે તેને પકડી પાડયો હતો.આ બનેલી ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ બનાવ સ્થળ ખાતે આવી પહોંચીને ટેન્કર ચાલકને પકડી પાડી પોલીસ મથક ખાતે લઈ જઈને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અકસ્માત થયા બાદ વિદ્યાર્થીઓ ના આંખમાં આંસુ જોવા મળવા સાથે વાલીઓ પણ ચિંતિત થઈ ઉઠ્યા હતા. આ બનેલા અકસ્માત મા ઈકો કારની અંદર બેઠેલા પાંચ કરતાં વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થવા સાથે મોટી ઘટના બનતી અટકી હતી. ઉલ્લેખનીય છેકે શહેરા નગરમાં રહેતા અમુક વાલીઓ પોતાના બાળકને ઉચ્ચ શિક્ષણ માટે ઈકો સહિતના અન્ય ગાડીઓમાં ગોધરા ભણવા માટે મોકલતા હોય છે પરંતુ બનેલી ઘટના સામાન્ય લાગી રહી હોય પરંતુ આમ જોવા જઈએ તો વાલીઓ માટે પણ એક ચેતવણી રૂપ ઘટના બની હોય એમ કહીએ તો નવા નહી.